




RNI. No. GUJGUJ/2021/84659

"સમગ્ર ગુજરાતમાં પ્રસિદ્ધિ પામેલ મોરબી જીલ્લાનું પ્રથમ દૈનિક સમાચાર પત્ર"

# વાત્સલ્યમ્ સમાચાર

## દૈનિક સમાચાર પત્ર

"VATSALYAM SAMACHAR" GUJARATI, DAILY

Volume : 03 • Issue : 145 • Date : 13/03/2024, Wednesday • Morbi • Page-04 • Price : Rs. 4.00/- • M : 87329 18183 | www.vatsalyamsamachar.com | vatsalyamsamachar@gmail.com

વર્ષ : ૩ • અંક : ૧૪૫ • તારીખ : ૧૨/૦૩/૨૦૨૪, બુધવાર • મોરબી • પેજ : ૪ • કિંમત : રૂ.૪.૦૦/- • મો.૮૭૩૨૯ ૧૮૧૮૩ • માલિક અને તંત્રી શ્રી - પરેશ પારીઆ


# CAA નિયમ પર રોક લગાવવા સુપ્રીમ કોર્ટમાં અરજી, CAA લાગુ કરવાનો આસામમાં વિરોધ

**વાત્સલ્યમ્ સમાચાર**

ઈન્ડિયન યુનિયન મુસ્લિમ લીગ (IUML) અને ડેમોક્રેટિક યુથ ફેડરેશન ઓફ ઈન્ડિયા (DYFI)એ નાગરિકતા સંશોધન અધિનિયમ (CAA)ના અમલીકરણ પર રોક લગાવવા માટે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી છે. IUMLએ નાગરિકતા સંશોધન અધિનિયમ (CAA)ના અમલીકરણ પર સ્ટે માટે પેન્ડિંગ પિટિશનમાં અરજી દાખલ કરી છે. IUMLએ જણાવ્યું હતું કે, કેન્દ્રએ અગાઉ અમલીકરણ પરના સ્ટેનો વિરોધ કર્યો હતો અને કહ્યું હતું કે કાયદાનો તાત્કાલિક અમલ કરવામાં આવશે નહીં કારણ કે હજુ સુધી નિયમો ઘડવામાં આવ્યા નથી.

મહત્ત્વપૂર્ણ છે કે, કેન્દ્ર સરકારે નાગરિકતા સંશોધન અધિનિયમ, 2019 (CAA) લાગુ કરી દીધુ છે. આ કાયદો બાંગ્લાદેશ, પાકિસ્તાન અને અફઘાનિસ્તાનથી 31 ડિસેમ્બર 2014 અથવા તે પહેલા ભારત આવેલા હિન્દૂ, જૈન, ઈસાઈ, શિખ, બૌદ્ધ અને પારસીઓને નાગરિકતા આપશે. આસામમાં નાગરિકતા (સંશોધન) અધિનિયમ, 2019 (CAA) વિરૂદ્ધ વિરોધ થઈ રહ્યો છે. આસામમાં કેન્દ્ર સરકારની ટિકા થઈ રહી છે. અખિલ આસામ વિદ્યાર્થી સંઘ (આસૂ) અને 30 સંગઠનોએ ગુવાહાટી, બારપેટા, લખીમપુર, નલબાડી, દિબ્રુગઢ અને તેજપુર સહિત રાજ્યના વિવિધ ભાગમાં વિવાદાસ્પદ કાયદા CAAની કોપી સળગાવી હતી. આસામમાં 16 પક્ષોએ સંયુક્ત વિપક્ષ (યૂઓએફએ)એ તબક્કાવાર આંદોલન હેઠળ મંગળવારે રાજ્યવ્યાપી હડતાળની જાહેરાત કરી છે.




અખિલ આસામ વિદ્યાર્થી સંઘ (આસૂ)એ કેન્દ્ર સરકારના નાગરિકતા સંશોધન કાયદા (CAA) ને લાગુ કર્યા બાદ રાજ્યમાં મોટા પાયે પ્રદર્શન કરવાની જાહેરાત કરી છે. આસૂના મુખ્ય સલાહકાર સમુજજલ ભટ્ટાચાર્યએ કહ્યું કે અમે દરેક જિલ્લામાં CAAની કોપી સળગાવવાનો નિર્ણય કર્યો છે. મંગળવારે નોર્થ ઈસ્ટ સ્ટુડન્ટ ઓર્ગેનાઈઝેશન (NESO) તરફથી વિસ્તારના તમામ રાજ્યના પાટનગરમાં CAAની કોપી સળગાવવામાં આવશે. આસામના તમામ પોલીસ સ્ટેશનને એલર્ટ પર રાખવામાં આવ્યા છે જ્યારે લગભગ તમામ કસ્બાના મુખ્ય માર્ગો પર બેરિકેડ્સ લગાવવામાં આવ્યા છે જ્યા ડિસેમ્બર 2019માં અધિનિયમ પસાર થયા દરમિયાન વ્યાપક વિરોધ પ્રદર્શન થયું હતું. આસૂના સલાહકાર સમુજજલ ભટ્ટાચાર્યએ કહ્યું, 'અમે CAA વિરૂદ્ધ પોતાનું અહિંસક, શાંતિપૂર્ણ, લોકતાંત્રિક આંદોલન ચાલુ રાખીશું.સાથે જ પોતાની કાયદાકીય લડાઈ પણ ચાલુ રાખીશું' આસામ પોલીસે CAAના વિરોધમાં આસામમાં હડતાળનું આહવાન કરનારા રાજકીય પક્ષોને નોટિસ આપી છે. નોટિસમાં કહેવામાં આવ્યું છે, 'તમારા વિરૂદ્ધ કાર્યવાહી શરૂ કરવામાં આવશે અને સાર્વજનિક અને પ્રાઈવેટ સંપત્તિઓને નુકસાનનો કુલ ખર્ચ તમારી પાસે અને તમારા સંગઠન પાસેથી વસૂલાશે.'

## સુપ્રીમ કોર્ટના ઠપકા બાદ SBI એ કાર્યવાહી કરી, ચૂંટણી પંચને ઈલેક્ટોરલ બોન્ડની વિગતો સબમિટ કરી

**વાત્સલ્યમ્ સમાચાર**

SBI એ ઈલેક્ટોરલ બોન્ડની વિગતો ભારતના ચૂંટણી પંચને સુપરત કરી છે. સુપ્રીમ કોર્ટે ઈલેક્ટોરલ બોન્ડને લઈને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI)ને ફટકાર લગાવી હતી. સુપ્રીમ કોર્ટે ભારતીય સ્ટેટ બેંકને આ કડકાઈ ત્યારે બતાવી જ્યારે તે ચૂંટણી બોન્ડ સંબંધિત માહિતી સબમિટ કરવા માટે વધુ સમય માંગી રહી હતી. SC એ બેંકને સમય આપવાનો સ્પષ્ટ ઈનકાર કર્યો અને તેને મંગળવાર, 12 માર્ચ સુધીમાં તમામ માહિતી ભારતના ચૂંટણી પંચને સોંપવાનો આદેશ આપ્યો.

સુપ્રીમ કોર્ટની પાંચ સભ્યોની બેન્ચે કહ્યું જતું કે એસબીઆઈએ મંગળવાર સુધીમાં ઈલેક્ટોરલ બોન્ડની




માહિતી ચૂંટણી પંચને જમા કરાવવી પડશે. સુપ્રીમ કોર્ટે ફેબ્રુઆરીમાં ચૂંટણી બોન્ડ યોજના પર પ્રતિબંધ મૂક્યો હતો.

સુપ્રીમ કોર્ટે SBI બેંકને ચેતવણી પણ આપી હતી કે જો આજે 12 માર્ચ સુધીમાં ઈલેક્ટોરલ બોન્ડની માહિતી આપવામાં નહીં આવે તો બેન્ક સામે કોર્ટની અવમાનનાની કાર્યવાહી કરવામાં આવશે. જેના પગલે SBIએ ચૂંટણીપંચને ઈલેક્ટોરલ બોન્ડ સંબંધિત માહિતી આજે મોકલી દીધી છે.સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને શુક્રવારે સાંજે 5 વાગ્યા સુધીમાં માહિતી જાહેર કરવાનો આદેશ પણ આપ્યો હતો.

## નેત્રંગ તાલુકા ખાતે બોર્ડની પરીક્ષાનો પ્રારંભ પોલીસતંત્ર આગેવાનો એ કુમકુમ તિલક કરી વિધાર્થીઓનું સ્વાગત કરાયું

**વાત્સલ્યમ્ સમાચાર**
**બ્રિજેશકુમાર પટેલ, ભરૂચ**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજથી શરૂ થયેલી ધોરણ-૧૦ (SSC) અને ૧૨ (HSC) ની જાહેર પરીક્ષાઓનો તા.૧૧ મી માર્ચથી ભરૂચ જિલ્લામાં શાંતિપૂર્ણ માહોલમાં પ્રારંભ થયો છે. ત્યારે નેત્રંગ તાલુકા ભરની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં ધોરણ - ૧૦ અને ૧૨ ની બોર્ડની નેત્રંગ તાલુકા મથકે આવેલ શ્રીમતિ એમ.એમ ભક્ત હાઈસ્કુલ અને એકલવ્ય સાધના ઉત્તર બુનિયાદી વિધાલય થવા કેન્દ્ર ઉપર ધોરણ-૧૦ માં ૧૭૬૨ વિદ્યાર્થીઓ અને ધોરણ-



૧૨ માં ૧૦૩૩ વિદ્યાર્થીઓ પરીક્ષા આપનાર છે ત્યારે પરીક્ષા કેન્દ્રો ઉપર વિદ્યાર્થીઓ-વાલીઓ સમયસર હાજર થઇ ગયા બાદ નેત્રંગ પોલીસ સ્ટેશનના કર્મચારીઓ અને સામાજીક-રાજકીય આગેવાનોએ વિદ્યાર્થીઓને કુમ-કુમ તિલક કરી મોઢું મીઠુ કરવાની પરીક્ષા ખંડમાં પ્રવેશ કરાવ્યો હતો. વિદ્યાર્થીઓ શાંતિપુર્ણ માહોલમાં પરીક્ષા આપી શકે તે માટે આચાર્યો-શિક્ષકો અને શિક્ષણ વિભાગના જવાબદાર અધિકારીઓ, નેત્રંગ પોલિસ સબ ઈન્સ્પેકટર રાજેન્દ્રસિંહ ગોહિલ, તાલુકા હેલ્થ ઓફિસર ડૉ.એ.એન.સિંગ તેમજ સ્ટાફ પરીક્ષા કેન્દ્રો પર ખડેપગે તૈનાત

## જામનગર જીલ્લાના વિકાસગૃહમાં આશ્રિત ત્રણ બાળકોને મળ્યો પરિવાર



**વાત્સલ્યમ્ સમાચાર**

જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી અને જિલ્લા બાળ સુરક્ષા એકમ જામનગર હેઠળ કાર્યરત શ્રી કસ્તૂરબા સ્ત્રી વિકાસ ગૃહના ત્રણ બાળકોને રાજકોટના એક અને અમદાવાદના બે દંપતિ દ્વારા દત્તક લેવામાં આવ્યા છે. કલેકટર કચેરી ખાતે કલેકટરશ્રી બી.કે. પંડ્યાની ઉપસ્થિતિમાં બાળકોને તેના દત્તક માતા-પિતાને સોંપવામાં આવ્યા હતા. તેમજ બાળકની તમામ જરૂરીયાતો પૂરી કરવા અને પૂરતી સાર સંભાળ રાખવા કલેકટરશ્રીએ જણાવ્યું હતું.સાથે માતાપિતા બનવા બદલ ત્રણે દંપતીઓને શુભેચ્છાઓ પાઠવી હતી. ત્રણે બાળકોના દત્તક માતાપિતા અને તેમની સાથે આવેલા પરિવારજનોએ કલેકટરશ્રી, બાળ સુરક્ષા અધિકારી, બાળ કલ્યાણ સમિતિ તેમજ કસ્તૂરબા સ્ત્રી વિકાસ ગૃહનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમજ બાળકને દત્તક લીધા બાદની પોતાની ખુશી વ્યક્ત કરી હતી.આ કાર્યક્રમમાં નિવાસી અધિક કલેકટરશ્રી બી.એન.ખેર, જિલ્લા બાળ સુરક્ષા અધિકારી શ્રી આર. જે. શિયાર, બાળ કલ્યાણ સમિતિના ચેરમેનશ્રી ભાવિનભાઈ ભોજાણી તથા સભ્યો તેમજ કસ્તૂરબા સ્ત્રી વિકાસ ગૃહના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા

## સાપુતારાનાં સીઓ ચિંતન વૈષ્ણવની બદલી અટકાવવા માટે નાયબ દંડક વિજયભાઈ પટેલની મુખ્યમંત્રીને રજુઆત

**વાત્સલ્યમ્ સમાચાર**
**મદન વૈષ્ણવ**

રાજ્યનાં એકમાત્ર ગિરિમથક સાપુતારા ખાતેની નોટીફાઈડ એરીયા કચેરીમાં દસેક વર્ષ બાદ કાયમી ચીફ ઓફીસર તરીકે ડો ચિંતન વૈષ્ણવની નિમણૂક થઈ હતી.સાપુતારામાં કાયમી ચીફ ઓફીસર તરીકે ડૉ ચિંતન વૈષ્ણવની નિમણુક થતાની સાથે જ તેઓએ નિષ્ઠાપૂર્વક કાર્યભાર સંભાળી લેતા પ્રવાસન સ્થળની કાયાપલટ શરૂ થઈ ગઈ હતી.ચીફ ઓફીસર ડૉ ચિંતન વૈષ્ણવ દ્વારા બે જ મહિનામાં સમગ્ર સાપુતારા સહિત ઘાટમાર્ગને સ્વચ્છ બનાવી દીધો હતો.સાથે સાપુતારા ખાતે ગુલ્લી મારતા કર્મચારીઓ કે પછી બેદરકારી દાખવતા સંચાલકોને શિસ્તબદ્ધ નિયમમાં લાવી દઈ પ્રવાસન સ્થળને નવી દિશા આપવાનો પ્રયત્ન કર્યો હતો.સાપુતારા ખાતે ડૉ ચિંતન વૈષ્ણવ દ્વારા સફળ કામગીરી હાથ ધરાતા ટૂંકા સમયમાં જ સાપુતારાની રોનક વધી ગઈ હતી.સાથે તેઓની કામગીરી ચારે તરફ ઉડીને વળગી રહી હતી.પરંતુ આ નિષ્ઠાવાન અને પ્રામાણિક અધિકારીની સફળ કામગીરી અમુકને કાંટાની જેમ ખૂંચતા આ અધિકારીની બે જ મહિનામાં બદલી કરી દેવાઈ છે.સાપુતારા ચીફ ઓફીસર ડો ચિંતન વૈષ્ણવની રાજ્ય સરકાર દ્વારા ટૂંકા સમયમાં જ ભાવનગર ખાતે ડેપ્યુટી કન્ટ્રોલર તરીકે બદલી કરી દેવાતા સાપુતારા સહિત



નવાગામ વાસીઓ રઘવાયા બન્યા હતા.કાયમી ચીફ ઓફીસરની નિમણુક બાદ નવાગામ વાસીઓના પ્રશ્નો ઉકેલ થશેની લોકોમાં આશા હતી.તે આશા પર પાણી ફરી વળતા લોકો દુઃખી થયા હતા.જેથી સાપુતારાનાં ચીફ ઓફીસર ડો ચિંતન વૈષ્ણવની બદલી રદ કરવા માટે સાપુતારા નવાગામ વાસીઓએ ડાંગ કલેક્ટરને પણ આવેદનપત્ર આપ્યુ હતુ.તેવામાં આ પ્રામાણિક સીઓની બદલી રદ ન થતા તેમજ વહીવટી તંત્ર દ્વારા કોઈ ઉકેલ ન આપતા સાપુતારા નવાગામ વાસીઓએ સાપુતારાને સજ્જડ બંધ,રસ્તા રોકો આંદોલન સહિત લોકસભાની ચૂંટણીનો બહિષ્કાર કરવાની ચીમકી ઉચ્ચારી હતી. જે બાદ સાપુતારા નવાગામ વાસીઓએ ચીફ ઓફીસરની બદલીનાં વિરોધમાં પ્રથમ તબક્કામાં બે દિવસ સુધી સાપુતારા સજ્જડ બંધ પાળ્યુ હતુ. સાપુતારા બે દિવસ સજ્જડ બંધ રહેતા પ્રવાસીઓને ભારે હાલાકી વેઠવાની નોબત ઉભી થઈ હતી.સાપુતારા સજ્જડ બંધનાં પડઘા છેક ગાંધીનગર સુધી પડતા ગુજરાત વિધાનસભાનાં નાયબ મુખ્ય દંડક વિજયભાઈ પટેલ અને સ્થાનિક ભાજપી આગોવાનો સાપુતારા નવાગામ ખાતે દોડી ગયા હતા.અહી નાયબ મુખ્ય દંડક વિજયભાઈ પટેલ સહિત સ્થાનિક આગેવાનોએ ચીફ ઓફીસરની બદલી રદ કરવા બાબતે તેઓ 12મી માર્ચનાં રોજ મુખ્યમંત્રીને રજુઆત કરશેનું જણાવી આ સમગ્ર મામલો થાળે પાડ્યો હતો. તેવામાં આજરોજ મંગળવારે ગુજરાત વિધાનસભાનાં નાયબ મુખ્ય દંડક વિજયભાઈ પટેલે સાપુતારાનાં નવાગામવાસીઓની લોક લાગણીને ધ્યાનમાં રાખી ચીફ ઓફીસર ડૉ ચિંતન વૈષ્ણવની બદલીનો હુકમ રદ કરવા માટે પોતાના લેટરપેડ ઉપર ડાંગ જિલ્લાનાં પ્રભારી મંત્રી કુંવરજીભાઈ હળપતિ સહિત મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને ભલામણ સાથે રજુઆત કરી છે.

## ડાંગનાં સુબીર તાલુકાનાં કાકશાળા ગ્રુપ ગ્રામ પંચાયત નાં સરપંચથી નારાજ સભ્યોએ બજેટ નામંજૂર કર્યું

**વાત્સલ્યમ્ સમાચાર**
**મદન વૈષ્ણવ**

ડાંગ જિલ્લાનાં સુબીર તાલુકાની કાકશાળા ગ્રુપ ગ્રામ પંચાયતનાં સરપંચની કામગીરીથી સભ્યો નારાજ હતા.જેથી ગ્રામસભામાં રજૂ કરવામાં આવેલ બજેટનો સભ્યોએ વિરોધ કર્યો હતો.અને બજેટ નામંજૂર કરવામાં આવ્યુ હોવાની વિગતો બહાર આવી છે.ડાંગ જિલ્લાનાં સુબિર તાલુકાની કાકશાળા ગ્રુપ ગ્રામ પંચાયતનાં સરપંચ માલજી ગામીતનાં અધ્યક્ષસ્થાને ગતરોજ બજેટ માટે ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું હતુ.આ ગ્રામ સભામાં સરપંચ તથા તમામ સભ્યો હાજર રહ્યા હતા.જે બાદ સરપંચે આગામી વર્ષ ૨૦૨૪-૨૫ માટે બજેટ તથા વિવિધ વિકાસના કામોની ચર્ચા કરી હતી.પરંતુ સરપંચ માલજી ગામિતનાં



કામગીરીથી નારાજ છ જેટલા સભ્યોએ બજેટનો વિરોધ કર્યો હતો.જેના કારણે સામાન્ય સભામાં બજેટને નામંજૂર કરવામાં આવ્યુ હોવાની વિગતો બહાર આવી છે.ત્યારે કાકશાળા ગ્રુપ ગ્રામ પંચાયતના સરપંચ મનસ્વી રીતે કારભાર કરે છે. મોટાભાગના સભ્યોને વિશ્વાસમાં લીધા વગર જ સરપંચ દ્વારા સમગ્ર કારભાર કરવામાં આવતો હોવાથી સભ્યો નારાજ હોવાનું જાણવા મળી રહ્યું છે.આ બાબતે સુબિર તાલુકા પંચાયતનાં તાલુકા વિકાસ અધિકારી મહેન્દ્રભાઈ હાથીવાલાએ જણાવ્યુ હતુ કે કાકશાળા ગ્રુપ ગ્રામ પંચાયતમાં બજેટ નામંજુર કર્યાની બાબત ધ્યાનમાં આવી છે. પરંતુ ગ્રૂપ ગ્રામ પંચાયત કાકશાળાનાં સરપંચ કે સભ્યોની હજુ સુધી લેખિતમાં અરજી આવી નથી.

## મતાદાર ગૃપ દ્વારા હિંમતનગર બાયપાસ રોડ ઉપર વોટર પાર્કનો શુભારંભ કરાયુ

**વાત્સલ્યમ્ સમાચાર**

હિંમતનગર શહેરમાં ગુજરાત નો પ્રથમ એવો બનાવવા માં આવેલ વોટર વિલે વોટર પાર્ક નો મહા શિવરાત્રી ના શુભ પર્વ નિમિત્તે શુભારંભ થનાર છે જેમાં બાળકો માટે બનાવેલ રાઈડો ,પ્લે સ્ટેશન, શુદ્ધ સાત્વિક ફૂડ ઝોન, વિવિધ સેલ્ફી ઝોન ,વોટર પાર્ક ના આકર્ષક કેન્દ્રો બનશે આ વોટર પાર્ક માં બનાવેલા આકર્ષક કેન્દ્રો જે રીતે બનાવવા માં આવ્યો છે તે જોતા જાણે વિદેશ માં કોઈ જગ્યાએ મોજ માણતા હોઈએ તેવી અનુભૂતિ કરાવે તેવું પ્રવેશ દ્વાર બનાવવા માં આવ્યું છે આ વોટર પાર્ક માં 300 થી વધુ વોશ રૂમો તેમજ 3000 લોકર ની સુવિધાઓ ઉપલબ્ધ છે મતાદાર ગૃપ અને મુંબઈ ના ઉધોગ પતિ કિરણ પટેલ દ્વારા નિર્માણ પામેલ વોટર પાર્ક 23 એકર જમીન માં પથરાયેલો છે જેનું આગામી દિવસે દીવ દમણ દાદરા નગર હવેલી ના પ્રશાશક પ્રફુલ પટેલ ના હસ્તે તેનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું મતાદાર ગ્રુપના મેહબુબ ભાઈ ડોડીયા તેમજ મિકાઈલ ડોડીયા તેમજ શાહદાબ વિજાપુરા તેમજ મતાદાર ગ્રુપ તેમજ કિરણ ભાઈ પટેલ તેના આયોજકો સભ્યો ને ખરેખર તેની બનાવટ એન્જિનિયરીંગ પ્લાનિંગ દાદ માંગે તેવું બનાવવા માં આવ્યું છે આ વોટર વિર્લે પાર્ક ની મુલાકાત માટે સહેલાણીઓ માટે એક અદભૂત દ્રશ્યો માટે સ્થળ બની રહેશે તે નક્કી જોવા મળ્યું હતું એકવાર જરૂર આ સ્થળોની મુલાકાત કરી જીવનમાં આનંદ માણવો જોઈએ

## યાત્રાધામ પાવાગઢ ખાતે સંતોના હસ્તે નવનિર્માણ થનાર ૫૧,શક્તિ પીઠ નો પરિક્રમાપથ તેમજ પરિક્રમા પથ પર ૫૧, મંદિરોનું ભૂમિ પૂજન

**વાત્સલ્યમ્ સમાચાર**
**કાદિર દાઢી.હાલોલ**

સુપ્રસિદ્ધ યાત્રાધામ તેમજ શક્તિપીઠ પાવાગઢ ખાતે સોમવારના રોજ શ્રી કાલિકા મંદિર ટ્રસ્ટ પાવાગઢ તેમજ વિશ્વ હિન્દુ પરિષદ ના સંયુક્ત ઉપક્રમે ૨૨, જાન્યુઆરીએ અયોધ્યા ખાતે રામલ્લા ના ભવ્ય તેમજ દિવ્ય મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં ગુજરાત ભરમાંથી ઉપસ્થિત રહેલા પૂ. સંત શ્રીઓ નું સન્માન સાથે વિશાળ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું.સાથે સાથે ૫૧, શક્તિપીઠ નો પરિક્રમાપથ તેમજ પરિક્રમા પથ પર ૫૧, મંદિરોનું ભૂમિ પૂજન કરવામાં આવ્યું હતું. આ શુભ પ્રસંગે મોટી સંખ્યામાં સંતો ઉપસ્થિત રહ્યા હતા. પાવાગઢ મંદિર ટ્રસ્ટ તેમજ વિશ્વ હિન્દુ પરિષદ ના સંયુક્ત ઉપક્રમે વિશાળ યોજાયેલ સંમેલનમાં શ્રી રામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા સમયે ગુજરાતમાંથી આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા સંતો નું સન્માન કરવામાં આવ્યું હતું. જયારે શક્તિપીઠ પાવાગઢ નીજ મંદિરના ફરતે છાસિયા તળાવ ની ઉપરના ભાગે માતાજીના ભક્તોની આસ્થાને ધ્યાનમાં લઈને ભક્તો નિજ મંદિરની પરિક્રમા કરી શકે એ માટે મંદિર ટ્રસ્ટ દ્વારા પરિક્રમા પથ તેમજ તેના પર ૫૧,અલગ અલગ શક્તિપીઠ ના મંદિરો નું નિર્માણ કરવામાં આવનાર



છે.જેમાં આ પરિક્રમા પથ તેમજ મંદિર નું નિર્માણ કાર્ય પાવાગઢ મંદિર ટ્રસ્ટ દ્વારા અંદાજિત ૧૦, કરોડનો ખર્ચ નિર્માણ કરવામાં આવનાર છે.જ્યારે આ પરિક્રમા પથ એક કિલોમીટર લાંબો તેમજ પાંચ થી સાત મીટર જેટલો પહોળો બનાવવામાં આવશે જેનાથી એક સાથે અંદાજીત ૫ થી ૬ હજાર જેટલા ભક્તો એક સાથે પરિક્રમા કરી શકશે, જ્યારે આ પરિક્રમા પથ તેમજ શક્તિપીઠ મંદિરોનું નિર્માણ કાર્ય એક વર્ષમાં પૂર્ણ થનાર હોવાનું મંદિર ટ્રસ્ટ દ્વારા જણાવાયું રહ્યું છે.જ્યારે ડુંગર પર નિજ મંદિર ખાતે બપોરે એક કલાકે સંત સંમેલનનું આયોજન શ્રી કાલિકા મંદિર ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું જેમાં ૨૨, જાન્યુઆરીએ અયોધ્યા ખાતે રામલ્લા ના ભવ્ય તેમજ દિવ્ય મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં ગુજરાત ભરમાંથી ઉપસ્થિત રહેલા પૂ. સંત શ્રી ઓ નું સન્માન કરવામાં આવ્યું હતું ત્યારબાદ પૂ. સંતો દ્વારા ૫૧, શક્તિપીઠ પરિક્રમા પથનું તેમજ ૫૧, શક્તિપીઠ મંદિરોનું ભૂમિ પૂજન કરવામાં આવ્યું હતું. આ પરિક્રમા પથ તેમજ મંદિર નું નિર્માણ કાર્ય પાવાગઢ મંદિર ટ્રસ્ટ દ્વારા અંદાજિત ૧૦, કરોડનો ખર્ચ નિર્માણ કરવામાં આવનાર છે.જ્યારે આ પરિક્રમા પથ એક કિલોમીટર લાંબો તેમજ પાંચ થી સાત મીટર જેટલો પહોળો બનાવવામાં આવશે જેનાથી એક સાથે અંદાજીત ૫ થી ૬ હજાર જેટલા ભક્તો એક સાથે પરિક્રમા કરી શકશે, જ્યારે આ પરિક્રમા પથ તેમજ શક્તિપીઠ મંદિરોનું નિર્માણ કાર્ય એક વર્ષમાં પૂર્ણ થનાર હોવાનું મંદિર ટ્રસ્ટ દ્વારા જણાવાયું રહ્યું છે.

## ધોરણ- ૧૨ સામાન્ય પ્રવાહમાં ભૂગોળ વિષયમાં ૪૪૯૯ વિદ્યાર્થીઓ હાજર :૪૭ જેટલા વિદ્યાર્થીઓ ગેરહાજર

**વાત્સલ્યમ્ સમાચાર**
**મદન વૈષ્ણવ**

સેક્રેટરી પ્રેકટીસ વિષયમાં ૧૦૧૭ વિદ્યાર્થીઓ હાજરઃ ૦૭ વિદ્યાર્થીઓ ગેરહાજર .ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ- ૧૨ (HSC) સામાન્ય/ વિજ્ઞાન પ્રવાહની જાહેર પરીક્ષાઓ તા.૧૧ મી માર્ચથી શરૂ થઇ છે. નવસારી જિલ્લામાં પરીક્ષાના આજે બીજા દિવસે ધોરણ- ૧૨ સામાન્ય પ્રવાહમાં ભૂગોળ વિષયમાં ૪૫૪૬ વિદ્યાર્થીઓ પૈકી ૪૪૯૯ વિદ્યાર્થીઓએ પરીક્ષામાં હાજર રહયાં હતાં. જેમાં ૪૭ જેટલા વિદ્યાર્થીઓ ગેરહાજર રહયા હતાં. જયારે સેક્રેટરી પ્રેકટીસ વિષયમાં ૧૦૨૪ વિદ્યાર્થીઓ પૈકી ૧૦૧૭ વિદ્યાર્થીઓ હાજર રહયા હતા. જેમાં ૦૭ વિદ્યાર્થીઓ ગેરહાજર રહયાં હતાં. વિદ્યાર્થીઓ નિર્ભયપણે મુક્ત વાતાવરણમાં શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષામાં ભાગ લે અને પરીક્ષાઓ શાંતિમય તણાવમુક્ત વાતાવરણમાં સંપન્ન થાય તે માટે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા તમામ તૈયારીઓ કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓ સમયસર પરીક્ષા કેન્દ્રો પર પહોંચતા હાજર રહેલા મહાનુભાવોએ કુમકુમ તિલક કરી આવકાર્યા હતા.







# થરા ખાતે વાંકાનેર સ્ટેટ રાજવી કેશરીદેવસિહ ઝાલાનું ભવ્ય રેલી દ્વારા સન્માન કરવામાં આવ્યું

વાત્સલ્યમ્ સમાચાર
નટવર.કે.પ્રજાપતિ,થરા



ગુજરાતની ધન્યધરા-માં ૫૬૨ રજવાડાં અર્પણ કરનાર રાજપૂત સમાજની ખાનદાની આજે પણ પ્રચલિત છે.એવા ખાનદાનીના સુરવીર વાંકાનેર સ્ટેટમાજી રાજવી એવમ રાજ્યસભા સાંસદ કેશરીદે-વસિંહજી દિગ્વિજયસિંહજી ઝાલાનું તા.૧૧/૦૩/૨૦૨૪ ને સોમવારના રોજ બપોરે કાંકરેજ તાલુકાના વહેપારી મથક થરા ખાતે શ્રી મહાકાલ સેના બનાસ-કાંઠા જિલ્લા પ્રમુખ શૈલેન્દ્રસિંહ વાઘે-લા,થરા સ્ટેટમાજી રાજવી પરિવાર, કાંકરેજ તાલુકા કરણી સેના, અખિલ યુવા રાજપૂત સંઘ કાંકરેજ,કાંકરેજ જા-ગીરદાર રાજપૂત કેળવણી મંડળ સહિત સમસ્ત કાંકરેજ જાગીરદાર રાજપૂત સમાજ ના અગ્રણીઓ યુવાનો વડીલો દ્વારા ગાડીઓ અને બાઈક રેલી દ્વારા- 'જય મહાકાલ'!!!'હર હર મહાદેવ'!! 'જય જય ભવાની'ના નારા ઢોલ નગારા સાથે સન્માન કરતા સમગ્ર વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું.પંડિત દિનદયાળજી ઉપાધ્યાય સાંસ્કૃતિક હોલમાં આટ્ર્સ એન્ડ કોમર્સ કોલેજના ડૉ.દેવેન્દ્રસિંહ ઝાલાએ શાબ્દિક શબ્દો દ્વારા મહે-માનોને આવકાર્યા હતા. ભારતસિંહ ભટેસરિયા, કેશરીદેવસિહ ઝાલાએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું.ઉપસ્થિત સૌએ કેશરીદેવસિહ ઝાલાને ફુલહાર પહેરાવી ફેંટો બાંધી રજવાડી તલવાર આપી શાલ ઓઢાડી સન્માન કર્યું હતું.સભાને સંબોધી શ્રી ઝાઝાવડા ગ્વાલીનાથ મહાદેવ ના દર્શન બાદ સંતશ્રી ભરતપુરીબાપુએ પાઘડી પહેરાવી આશીર્વાદ આપ્યા હતા.

# તાણા (થરા) માં શ્રી નાગણેશ્વરી માતાજી એવમ શ્રી પાબુદાદાની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી

વાત્સલ્યમ્ સમાચાર
નટવર.કે.પ્રજાપતિ,થરા



કાંકરેજ તાલુકાના ઘેઘૂરવડના નામે વિખ્યાત તાણા ગામે અતિપુરાણું ઐતિહાસિક શ્રી ચામુંડા માતાજી બિ-રાજમાન છે. આવી તાણાની પાવન ભૂમિમાં ગોસ્વામી પરિવાર દ્વારા નવનિર્મિત શ્રી નાગણેશ્વરી માતાજી તથા શ્રી પાબુદાદાનો ત્રિદિવસીય ભવ્ય પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ સંવત ૨૦૮૦ ના મહાવદ-૧૪ ને શનિવાર તા.૦૯/૦૩/૨૦૨૪ થી ફાગણ સુદ-૧ ને સોમવાર તા.૧૧/૦૩/૨૦૨૪ સુધી શ્રી મેલડી માતાજીના ભુવાજી ચતુ-રવનજી ગોસ્વામી, શ્રી નાગણેશ્વરી માતાજીના ભુવાજી ગૌરવગીરી,શ્રી સિકોતર માતાજીના ભુવાજી ની-કુલગીરી, તાણા પૂર્વસરપંચ એવમ ભાજપ નાં આગેવાન ગીરીશભાઈ પટેલ, ગં.સ્વ.શારદાબેન કેશવગીરી, ગણપતગીરી બુદ્ધગીરી, જસવંતગીરી ભૂરગીરી, કરશનગીરી બુદ્ધગીરી-,ઈશ્વરગીરી ભુરગીરી,ભગવાનગીરી હરગોવાનગીરી,વિષ્ણુગીરી બુદ્ધ-ગીરી,અશ્વિનગીરી હરગોવાનગી-રી, સ્વ.ચેનગીરી જેઠગીરી પરિવા-ર,બળદેવભાઈ દેસાઈ,સતિષભાઈ પટેલ,ચંદુજી ઠાકોરની ઉપસ્થિતિમાં ગૌસ્વામી પરિવારના યજમાનપદે યજ્ઞના આચાર્ય બાબુલાલ મગનલાલ શાસ્ત્રી,જીતુભાઈ જોષી પંડિત અઘ-ગામવાળાના મુખારવિંદે શાસ્ત્રોક્ત વિધિવિધાનથી મંત્રોચ્ચાર સાથે યજ્ઞ યોજાયો હતો.ભવ્ય સંતવાણી સંતો સંતોમહંતોનું સામૈયા,આમંત્રિત મહે-માનોનું સ્વાગત પ્રવચન અને પધારેલ સંતોએ આશીર્વચન આપ્યા હતા. અને તા.૧૧/૦૩/૨૦૨૪ ને સોમ-વારના રોજ બપોરે ૧૨.૩૯ કલાકે પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. ભોજન પ્રસાદ ત્યારબાદ સાંજે ૪.૧૫ કલાકે યજ્ઞ પુર્ણાહુતી બાદ આરતી ઉતારવામાં આવેલ ત્યારે સરપંચ દશરથભાઈ ઠક્કર,પૂર્વ સરપંચ ગણ-પતગીરી ગોસ્વામી, થરા શહેર ભાજપ પૂર્વ પ્રમુખ કનુભાઈ ઠક્કર,-મુકેશભારથી ગોસ્વામી સહિત તાણા ગામ જનો ઉપસ્થિત રહ્યા હતા.

# સુરેન્દ્રનગર રેલ્વે સ્ટેશન ખાતે વન સ્ટેશન વન પ્રોડક્ટ સ્ટોલનું ઉદઘાટન

વાત્સલ્યમ્ સમાચાર
બાવળિયા ઉમેશભાઈ સુરેન્દ્રનગર



વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં રેલવે વિભાગના રૂ.૮૫ હજાર કરોડથી વધુની વિવિધ રેલવે પરિયોજનાઓ-નો ઈ-શિલાન્યાસ, લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો જેમાં સુરેન્દ્રનગર રેલ્વે સ્ટેશન ખાતે આયોજિત કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી ડૉ. મહેન્દ્રભાઈ મુંજપરા અને નાયબ મુખ્ય દંડક જગદીશભાઈ મકવાણાની પ્રેરક ઉપસ્થિતિમાં વન સ્ટેશન વન પ્રોડક્ટ સ્ટોલનું ઉદઘા-ટન થયું હતું આ કાર્યક્રમમાં સંબોધન કરતાં કેન્દ્રીય મંત્રી ડૉમહેન્દ્રભાઈ મુંજપરાએ જણાવ્યું હતું કે, દેશના તમામ નાગરિકોને રેલવેની વૈશ્વિક સ્તરની સુવિધા ઉપલબ્ધ કરાવવા-ના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના મહા અભિયાનના ભાગરૂપ આજે રૂ. ૮૫૦૦૦ કરોડના રેલવે પ્રકલ્પોના લોકાર્પણ તથા ખાતમુહૂર્ત અને વિવિધ સેવાઓનો લીલી ઝંડી આપી અમદા-વાદ ખાતેથી શુભારંભ કરાવવામાં આવ્યો છે જે અંતર્ગત આજે સુરેન્દ્ર-નગર રેલવે સ્ટેશન પર વન સ્ટેશન - વન પ્રોડક્ટ' યોજના અંતર્ગત રેલવે વિભાગ દ્વારા સ્થાનિક કલા અને કારીગરોને પ્રોત્સાહન મળે તે માટે તેના વેચાણ અને પ્રદર્શન હેતુ ખાસ સ્ટોલનું લોકાર્પણ થયું છે આ લોકા-ર્પણથી જિલ્લાના સ્થાનિક કારીગરો દ્વારા ઉત્પાદિત વસ્તુઓને પ્લેટફોર્મ મળશે આ ઉપરાંત સ્થાનિક કારીગરો-ની આવકમાં વધારો થશે સુરેન્દ્રનગર સ્ટેશન પર OSOP સ્ટોલમાં એમ્બ્રો-ઇડરી તોરણ, પર્સ, પિલો કવર, હેન્ડરૂલ, ડ્રેસ મટિરિયલ્સ, સાડી, દુપટ્ટા, વોલ પીસ, પૂજા થાળી વગેરે વસ્તુઓનું વેચાણ કરવામાં આવશે વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, રાજકોટ રેલવે ડિવિઝન દ્વારા જોરાવરનગર રેલવે સ્ટેશન ખાતે ટૂંક જ સમયમાં બગીચાનું નિર્માણ કરવામાં આવશે. રેલ્વે સ્ટેશનો પર જન ઔષધી કેન્દ્ર બનાવવામાં આવશે આ જન ઔષધી કેન્દ્રોમાં ૧૦ થી ૮૦ ટકા સુધીની દવાઓમાં ડિસ્કાઉન્ટ આપવામાં આવશે. તાત્કાલિક પરિસ્થિતિમાં મુ-સાફરોને રેલવે સ્ટેશન પર જ દવાઓ મળી રહેશે દેશમાં સૌથી વધુ રોજગારી આપતા ક્ષેત્રમાં રેલવેનો સમાવેશ થાય છે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ વર્ષ ૨૦૨૬ સુધીમાં મુસાફરોને રેલવે સ્ટેશન પર તમામ પ્રકારની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે નાયબ મુખ્ય દંડક જગદી-શભાઈ મકવાણાએ જણાવ્યું હતું કે, આજે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આશરે રૂ.૮૫૦૦૦ કરોડના વિકાસ પ્રકલ્પોના લોકાર્પણ-શિલાન્યાસની ભેટ આપી છે રેલવે સ્ટેશનો ખાતે મુસાફરોને કોઈપણ પ્રકારની મુશ્કેલી ન પડે તે માટે તમામ પ્રકારની સુવિધાઓ રેલવે મંત્રાલય દ્વારા આજે ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે.

# વઢવાણના બલદાણા ગામે ગુજરાત ગેસ લિમિટેડના CNG સ્ટેશન ખાતે ઓફસાઈટ મોક એક્સરસાઈઝ યોજાઈ

વાત્સલ્યમ્ સમાચાર
બાવળિયા ઉમેશભાઈ સુરેન્દ્રનગર



સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ તાલુકાના બલદાણા ગામે આવેલા ગુજરાત ગેસના સી.એન. જી.સ્ટેશન પાસે લીંબડી સાયલા નેશનલ હાઈવે પર ઊચ્ચ દબાણે ભરેલા કુદરતી ગેસનું વહન કરતી એમ.સી.વી તથા પેટ્રોલ ભરેલા ટ્રે-ક્ટર વચ્ચે અકસ્માત સર્જાતા નેશનલ હાઈવે પર ગેસ લીકેજ અને પેટ્રોલનું લીકેજની ઘટના બની હતી. બાદમાં આગ પકડી લેતા આ ઘટના મોટી હોનારતમાં પરીણમી હતી જે અંત-ર્ગત ગુજરાત ગેસની ટીમ તાત્કાલિક ઘટના સ્થળ પર પહોંચીને આગ પર કાબુ મેળવવાનો પ્રયત્ન કર્યો હતો પરંતુ આગ પર કાબુ ન મળતાં ઓફસાઈટ ઈમરજન્સી ડિકલેર કરીને વહીવટી તંત્ર ડિઝાસ્ટર ડિપા-ર્ટમેન્ટ તથા કલેકટરને જાણ કરવામાં આવી હતી ગુજરાત ગેસની ટીમ અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આ આગ પર કાબુ મેળવવામાં આવ્યો હતો બાદમાં જિલ્લા વહીવટી તંત્ર, ફેક્ટરી ઈન્સ્પેક્ટર ઓફિસ, સુરેન્દ્ર-નગર તથા ગુજરાત ગેસ દ્વારા આ ઘટનાને મોક એક્સરસાઈઝ જાહેર કરવામાં આવી હતી આ પ્રકારની જ્યારે પણ કોઈ મોટી દુર્ઘટના કે ઈમરજન્સી પરિસ્થિતિ આવે ત્યારે દરેક વિભાગ હાજર રહી પોતાની કામગીરી સમયસર કરી જાન-માલ-નો બચાવ કરી શકે તે માટે જિલ્લા વહીવટી તંત્ર સુરેન્દ્રનગર, કલે-ક્ટર ઓફિસ સુરેન્દ્રનગર ફેક્ટરી ઈન્સ્પેક્ટર ઓફિસ સુરેન્દ્રનગર તથા ગુજરાત ગેસ દ્વારા આ મોક એક્સરસાઈઝનુ આયોજન કરવામાં આવ્યું હતું આ મોક એક્સરસાઈ-ઝમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ ડીપીઓ નિલેશ પરમાર, ઈન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થના આસિસ્ટન્ટ ડાયરે-ક્ટર જે એસ આદેશરા, ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડના એચ.ડી. સોનારા, વઢવાણ પીએસઆઈ સી એ એરવાડીયા, એસઓજી પી-એસઆઈ ડી.કે.સોલંકી, ટ્રાફિક પીએસઆઈ એમ આર ગોહીલ સહિતના લોકો ઉપસ્થિત રહ્યા હતાં.

# વિજાપુર ની આશા વર્કરઓ નું સંમેલન યોજાયું

વાત્સલ્યમ્ સમાચાર
સૈયદજી બુખારી વિજાપુર

વિજાપુર તાલુકા હેલ્થ વિભાગ દ્વારા જિલ્લા આરોગ્ય વિભાગે આપેલી સૂચના ઓ મુજબ હેઠળ એ. પી. એમ. સી. માર્કેટ ના હોલ ખાતે આશા વર્કર ઓ અને આશા વર્કર એફ નું સંમેલન આજ રોજ મંગળવારે 11 કલાકે યોજાયુ હતું જેમાં તાલુકા આરોગ્ય અધિકારી ડો ચેતન પ્રજાપતિ દ્વારા આરોગ્ય ના વિવિધ પ્રોગ્રામ ની રીફ્રેશર તાલીમ આપવામાં આવી હતી અને તાલુકા ના છેવાડા માનવ સુધી આરોગ્ય સેવાઓ થી કોઈપણ લાભાર્થી વંચિત ન રહે તે માટે સૂચન કરવામાં આવ્યું હતુ તાલુકા હેલ્થ સુપરવાઈઝર મુકેશ ચૌહાણ દ્વારા વાહકજન્ય રોગચાળો પાણીજ-ન્ય રોગચાળો તમાકુ અધિનિયમન ૨૦૦૩ ટી બી પ્રોગ્રામ તેમજ નેશનલ બર્થ ડીફેક્ટ અવેરેનેસ મંથ માતા અને બાળકો ની આરોગ્ય સેવાઓ રસીકરણ સેવાઓ એન સી ડી સેવાઓ આયુષ્ય-માન કાર્ડ આભાકાર્ડ તેમજ કુપોષણ મુક્ત વિજાપુર સેમ ચાઈલ્ડ ની સેવાઓ સેવાઓ ની માહિતી આપવામાં આવી હતી ,આ સમગ્ર કાર્યક્રમ નું આયોજન તાલુકા હેલ્થ ઓફિસના કર્મચારીઓ દ્વારા કરવામાં આવ્યું હતું,

# ભરૂચ જિલ્લામાં બોર્ડની જાહેર પરીક્ષાઓનો શાંતિ-શૌહાર્દપૂર્ણ માહોલમાં થયેલો પ્રારંભ



વાત્સલ્યમ્ સમાચાર
બ્રિજેશકુમાર પટેલ, ભરૂચ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજથી શરૂ થયેલી ધોરણ- ૧૦ (SSC) અને ૧૨ (HSC) ની જાહેર પરીક્ષાઓનો આજે તા.૧૧ મી માર્ચથી ભરૂચ જિલ્લામાં શાંતિપૂર્ણ માહોલમાં પ્રારંભ થયો છે. બોર્ડની આ જાહેર પરી-ક્ષાઓના પ્રારંભે ભરૂચ જિલ્લા કલેક્ટર તુષાર સુમેરાએ શૈક્ષણિક સંસ્થાઓના પરીક્ષાર્થીઓને આજે સવારે ધોરણ-૧૦ અને ધો-૧૨ના પરીક્ષાર્થીઓને ગુલાબના પુષ્પો આપી પરીક્ષામાં શ્રેષ્ઠ દેખાવ સાથે ઉજ્જવળ કારકિર્દી માટે શુભેચ્છાઓ પાઠવી હતી

# કોબા પ્રાથમિક શાળામાં બાળકોને તિથિ ભોજન આપવામાં આવ્યું



વાત્સલ્યમ્ સમાચાર
કોબા

કોબા ગામ ગામના વતની બાલુભાઈ પરભુભાઈ પટેલના છઠ્ઠી પુણ્યતિથિ નિમિત્તે તારીખ 11, 3, 2024 ના રોજ એમના પુત્ર કેતનભાઈ અને પ્રકાશભાઈ સાથે આજે પ્રાથમિક શાળા કોબામાં બાળકોને તિથિ ભોજન આપવામાં આવ્યું છે. બાલુભાઈ પ્ર-ભુભાઈ પટેલ એ પોતે એક કવિ હતા લેખક હતા અને વર્ષો સુધી એક શિક્ષક તરીકે ફરજ બજાવીને સમાજને અનેક પ્રકારના શિક્ષણ જ્ઞાન અને સાચી દિશા આપે છે. એમને વાંચનનો ખૂબ જ શોખ હતો. તેઓ ગુજરાત મિત્ર અખબારમાં પોતાના લેખ અને ગઝલ એમની આવી છે .પોતે વાંચનના શોખીન હતા અને સાથે અનેક પ્રકારના મેગેઝીન એમના ત્યાં ઘરે લાઈબ્રેરી બનાવવામાં આવી હતી .આજના દિવસે બાલુભાઈ પ્ર-ભુભાઈ ની છઠ્ઠી પુણ્યતિથિ નિમિત્તે એમના પુત્ર અને પુત્રવધુ દ્વારા બાળકોને તિથિ ભોજન આપવામાં આવી .અને જૂન માસ જ્યારે શાળા પ્રવેશ ઉત્સવ થશે ત્યારે દરેક બાળકોને નોટબુક વિતરણ કરવાની પણ બાહેદરી આપી છે .આજના આ દિવસે બાલુભાઈ તથા એમના પરિવાર ખૂબ આભાર માન્યો. શાળાનાં આચાર્ય શ્રી ડો ધર્મેશ પટેલ જણાવ્યું કે એમના જીવનમાં અનેક હાંસિલ કરીને ખૂબ આગળ વધે તેવી શુભેચ્છા પાઠવી.

# ઉર્દૂ અરબી વિદ્યાલય મદ્રેશા દ્વારા ફ્રી મેડિકલ મેગા કેમ્પ નું જાજરમાન આયોજન



વાત્સલ્યમ્ સમાચાર
મોરબી

ઉર્દૂ અરબી વિદ્યાલય મદ્રેશા દ્વારા ફ્રી મેડિકલ મેગા કેમ્પ નું જાજ-રમાન આયોજનો આ કેમ્પ માં આયુષ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ ના ઓર્થોપેડીક /એમ.ડી. / ન્યુરો સર્જરી / ગાયનેકોલોજીસ્ટ ડોક્ટર ની ટીમ એ સેવા આપી ભારે જહેમત ઉઠાવી હતી આ કેમ્પ માં હિન્દુ - મુસ્લિમ તમામ એમ કરી ૧૫૦ દર્દીઓ થી પણ વધારે દર્દીઓ એ લાભ લીધો હતો આ કેમ્પ તારીખ ૧૦/૦૩/૨૦૨૪ ને રવિવારે કરવામાં આવ્યો હતો કેમ્પ નું સ્થળ:- વજેપર મતના સમાજ ની વાડી ની બાજુ માં રાખવામાં આવ્યો હત.આ કેમ્પ ના મેહમાન :- ડોક્ટર અફઝલ ભાઈ / ડોક્ટર હિતેશ ભાઈ ભદ્રા (સિવિલ હો-સ્પિટલ)/ કચ્છી હાજી ફારુકભાઈ મેમણ /કારિયાણી હજી ગની ભાઈ /જિંદાણી અમીન ભાઈ / જિંદાણી કાસમ ભાઈ /થારીયાળી એહમદ ભાઈ / ખીયાણી મુસ્તાકભાઈ / જિંદાણી અશરફભાઈ / કારિયાણી અબુ ભાઈ / પીપરવાડિયા ઉસમાનભાઈ / પીપરવાડિયા હાસમ ભાઈ / દલવાણી દાઉદ સર / લાખાણી મુસ્તાક ભાઈ / સુમરા જુમ્મા ભાઈ / ખીયાણી રેહમતભાઈ / ડોશાણી આસિ-ફભાઈ / જિંદાણી આદમભાઈ પ્લમ્બર / જિંદાણી હાજી દાઉદ ભાઈ તમામ હજાર રહ્યા હતા તથા આ કેમ્પ ના ખાસ આયોજક / રફીક ભાઈ મુશાણી / હાજી કરીમ હારૂન ભાઈ જામ / ઈબ્રાહિમ ભાઈ મોસીન ઈબ્રાહિમ શેખ (આર. આર.ન્યુઝ ના બ્યુરો ચીફ) ઈમ્તિયાઝ આમદખા પઠાણ તથા તેમની ટીમે આ કેમ્પ ને સફળ બનાવવા ભારે જેહમથ ઉઠાવી હતી

## CRIME CORNER

# રાબડાળ ગામે મહીન્દ્રા XUV 500 ફોરવ્હીલ ગાડીમાં વિદેશી દારૂ મળી આવતા કુલ કિ.રૂ.૬૩,૮૪૦/-ના મુદ્દામાલ સાથે બે આરોપી ઝડપાયા

વાત્સલ્યમ્ સમાચાર
અજય સાંસી દાહોદ

રાબડાળ ગામે મહી-ન્દ્રા XUV.500 ફોરવ્હીલ ગાડી પરથી દારૂની બોટલો નંગ-૫૨૮ની કુલ કિ.રૂ.૬૩,૮૪૦/-ના મુદ્દામાલ સાથે બે આરોપીઓને ઝડપી પાડી પ્રોહી ગણનાપાત્ર કેસ શોધી કાઢતી દાહોદ રૂરલ પોલીસ.દાહોદ રૂરલ પોલિસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પે-ક્ટર કે.સી.વાઘેલા નાઓ પોલીસ સ્ટાફના માણસો સાથે દાહોદ રૂરલ પોલિસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રો-લીંગમાં હતા તે દરમ્યાન પોલીસ ઈન્સ્પેક્ટર કે.સી.વાઘેલાને બાતમી મળેલ જે બાતમી આધારે રાબડાળ ગામે ચામુંડા હોટલ સામે ઈન્દોર અમદાવાદ નેશનલ હાઈવે રોડ પર વોચમાં હતા તે દરમ્યાન પ્રકાશભાઈ શુક્રમભાઈ જાતે તડવી ઉ.વ.૨૩ ધંધો. ડ્રાઈવિંગ રહે અગાસવાણી તળાવ ફળીયું તા.ધાનપુર જી.દાહોદ તથા વિપુલભાઈ સબુરભાઈ જાતે બારીયા ઉ.વ.૨૩ ધંધો મજુરી રહે.ઘોડાઝર કળમ ફળીયું તા.ધાનપુર જી.દા-હોદ નાનો તેની ફોરવ્હીલ ગાડીમાં ભારતીય બનાવટની વિદેશી દારૂ ભરીને આવતા તેઓના કબજાની સિલ્વર કલરની મહેન્દ્ર XUV 500 ફોરવ્હીલ ગાડી નં.GJ.01. KQ.9492માં ભારતીય બનાવટ-નો વિદેશી દારૂ મળી આવતા તથા તેઓની આગળ એક કાળા કલરની સિલ્વર પટ્ટા વાળી હિરો કંપનીની સ્પ્લેન્ડર મોટર સાયકલ નં.GJ.20. AM.1209 પર બે ઈસમો પાયલો-ટીંગ કરી નાસી જઈ આરોપીઓ વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે

# લુકાના મોટીખરજ ગામે જ્યુપીટર મોટર સાયકલ પરથી દારૂની બોટલો નંગ-૨૧૪ની કુલ કિ.રૂ.૩૦,૦૧૦/-ના મુદ્દામાલ સાથે આરોપીને ઝડપી પડ્યા

વાત્સલ્યમ્ સમાચાર
અજય સાંસી દાહોદ

મોટીખરજ ગામે જ્યુપીટર મોટર સાયકલ પરથી દારૂની બોટલો નંગ-૨૧૪ની કુલ કિ.રૂ.૩૦,૦૧૦/-ના મુદ્દામાલ સાથે આરોપીને ઝડપી પાડી પ્રોહી ગણનાપાત્ર કેસ શોધી કાઢતી દાહોદ રૂરલ પોલીસદાહોદ રૂરલ પોલીસ સસ્ટેશન પોલીસ ઈન્સ્પેક્ટર કે.સી.વાઘેલા પોલીસ સ્ટાફના માણસો સાથે દાહોદ રૂરલ પોલિસ સ્ટેશન વિ-સ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન પોલીસ ઈન્સ્પેક્ટર કે.સી.વાઘેલાને બાતમી મળેલ જે બાતમી આધારે મો-ટીખરજ ગામે બળીયાદેવના મંદીર પાસે વોચમાં હતા તે દરમ્યાન અશોકભાઈ કનુભાઈ જાતે બારીયા ઉ.વ.૨૬ ધંધો મજુરી રહે.અભલોડ રાયણ ફળીયું તા-.ગરબાડા જી.દાહોદનાનો તેની મોટર સાયકલ પર થેલામાં ભારતીય બનાવટ-ની વિદેશી દારૂ ભરીને આવતા તેઓના કબજાની વાદળી કલરની ટીવીએસ કંપનીની જ્યુપીટર મોટર સાયકલ જેનો રજી. નં.GJ.20.BA.5288 પરથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ મળી આવતા આરોપીઓ વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવામાં આવી

# સુરેન્દ્રનગર LCB પોલીસે લીંબડીના ઉઘલ ગામની સીમમાંથી બંદુક સાથે એક ઈસમને દબોચ્યો

વાત્સલ્યમ્ સમાચાર
બાવળિયા ઉમેશભાઈ સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગર જીલ્લા પો-લીસવડા ગીરીશ પંડયા જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઇ રહે શરીર સબંધી તથા મિલ્કત સબંધિત ચોરીના ગુન્હાઓ બનતા અટકે, તેમજ નજીકના સમયમાં લોકસભાની ચુટણી આવનાર હોય જેથી ગેરકાયદેસર હથીયારો શોધી કાઢી અસરકારક અને પરિણામલક્ષી કામગીરી કરવા એલસીબી ઈન્ચાર્જ પીઆઇ બી એલ રાયજાદાને સુચના આપેલ જે અન્વયે એલસીબી પીઆઇ બી એલ રાય-જાદાએ એલસીબી સ્ટાફની અલગ અલગ ટીમો બનાવી પરીણામલક્ષી કામગીરી કરવા સુચના માર્ગદર્શન આપતા એલસીબી ટીમના પીઆઇ એએસઆઇ રામદેવસિંહ ઝાલા, ગોપાલસિંહ ઝાલા, સાહિલભાઇ સેલત સહિત સમગ્ર ટીમ દ્વારા પે-ટ્રોલીંગ કરવામા આવેલ જે દરમ્યાન હકીકત આધારે દીલાભાઇ સ.ઓફ અલ્લારખાભાઇ મહમદભાઇ જંગી રહે ધંધુકા સરમુબારક દરગાહ રોડ ડુંગરી કબ્રાસ્તાન બાજુમાં ધંધુકા અમદાવાદ વાળા પાસેથી ગેરકાય-દેસર લાયસન્સ પરવાના વગર એક દેશી હાથ બનાવટની સીંગલ બેરલ મઝરલોડ બંદુક નંગ 1 કી.રૂ.2000 ના મુદામાલ સાથે આરોપીને પકડી પાડી આરોપી વિરૂધ્ધમા લીંબડી પોલીસ સ્ટેશન ખાતે હથીયાર ધારા મુજબ ગુનો નોંધી કાયદેસર-ની કાર્યવાહી કરવામાં આવેલ છે.

# જીવંતીર્થ અને જાયન્ટસ અમદાવાદ દ્વારા સાંસ્કૃતિક લોકગીત સંગીત ડાયરાના કાર્યક્રમ કરવામાં આવ્યો

વાત્સલ્યમ્ સમાચાર
અમદાવાદ



8 માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે રાણીપ અને વાડજની સ્લમ વિસ્તાર ની શ્રમજી-વી બહેનોને મહિલા કેળવણી મંડળ દ્વારા સાંસ્કૃતિક લોકગીત સંગીત ડાયરાના કાર્યક્રમ કરવામાં આવ્યો હતો.આ કાર્યક્રમ માત્ર ને માત્ર બહેનો દ્વારા જ ભજવવામાં આવ્યો હતો. 1000 થી પણ વધારે બહેનોએ આ કાર્યક્રમનો લાભ લીધો હતો.દરેક બહેનો સંગીતના તાલે જુમી ઊઠેલ હતી બહેનોને સાફ-સફાઈ કીટ,ફ-રાળી વાનગીઓ તેમજ આઈસ્ક્રીમ વિતરણ પણ કરવામાં આવેલું હતું.

# ડાંગ દરબાર 2024નાં મેળા માટે પ્લોટના ભાવ વધારવા માં આવતા કલેકટરને રજુઆત કરવામાં આવી હતી

વાત્સલ્યમ્ સમાચાર
મદન વૈષ્ણવ



અગામી 20મી માર્ચનાં રોજ ડાંગ દરબાર 2024 યોજવામાં આવનાર છે.ત્યારે પ્લોટોનાં ભાવમાં વધારો કરી દેવામાં આવેલ છે.જેના કારણે વેપારીઓ ચિંતામાં મુકાયા છે. ત્યારે આ ભાવ ઘટાડો કરવામાં આવે તેવી માંગ સાથે જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યુ હતુ. આખા ભારત વર્ષમાં ડાંગનાં રાજાઓ અંગ્રેજો સામે ઝૂકયા વગર ડાંગને અંગ્રે-જોની ગુલામીમાંથી મુક્ત રાખવામાં સફળ થયા હતા.તેના શિરપાવ રૂપે આઝાદ ભારતનાં માત્ર ડાંગ જિલ્લાના પાંચ રાજવીઓ અને ભાઉબંધુઓને પોલીટીકલ પેન્શન આપવા માટેનો લોકમેળો એવો ડાંગ દરબાર યોજાય છે.જે ડાંગની ભાતિગળ સંસ્કૃતિ ઉજાગર કરવાનું માધ્યમ તેમજ ડાંગના ગૌરવ અને પરંપરાનું પ્રતિક છે.આ મેળો ડાંગના રાજવીઓની આન, બાન, શાનમાં અને ડાંગની પ્રજાના ઉત્સવ તરીકે વર્ષોથી પરંપરાગત રીતે એક જ સ્થળે યોજવામાં અને ઉજવ-વામાં આવે છે. છે.ત્યારે આ વર્ષે ડાંગ દરબારમાં હંગામી પ્લોટો ફાળવવા-માં આવેલ છે. જેમાં દોઢ ગણો ભાવ વધારો કરવામાં આવેલ છે.જે ફક્ત 3-4 દિવસ માટે ફાળવવામાં આવે છે.ગયા વર્ષે 1800 રૂપિયા જેટલો ભાવ હતો પરંતુ આ વર્ષે 4000 રૂપિયા કરી અસહ્ય ભાવ વધારો કરવામાં આવેલ છે.જેના કારણે વેપારીઓમાં નારાજગી જોવા મળી રહી છે.ત્યારે ભાવ વધારો પરત ખેંચવામાં આવે અને જે વર્ષોથી હંગામી પ્લોટોની ભાડુ ચાલતુ આવેલ છે.તે ભાવથી પ્લોટની ફાળવણી કરવામાં આવે તેવી માંગ સાથે ડાંગ જિલ્લા કલેકટરને આવેદનપત્ર પા-ઠવવામાં આવ્યુ હતુ.તેમજ જો ભાવ વધારો પરત ખેંચવામાં નહીં આવે તો વેપારીઓ પૈસા ભરશે નહિ અને ડાંગ જીલ્લાના વેપારીઓ દ્વારા ડાંગ દરબારના ઉપલક્ષમાં યોજાનાર ઉદ્ઘા-ટન સમારંભનો સખત વિરોધ અને બહિષ્કાર કરવામાં આવશે એવી ચીમકી ઉચ્ચારવામાં આવી રહી છે..

# આગામી દિવસોમાં લોકસભાની ચૂંટણી અંતર્ગત કાલોલ શહેરમાં પોલીસ અને બીએસએફની ફલેગમાર્ચ યોજાઈ

વાત્સલ્યમ્ સમાચાર
સાજીદ વાઘેલા કાલોલ



લોકસભા ચુંટણી રા-ષ્ટ્રીય પર્વ સમાન ચૂંટણીના ત્યોહાર શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય અને કાલોલ શહેર તેમજ તાલુકામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે લોકો માં શાંતી અને સલામતી નો સંદેશ પહોચાડ-વા ના હેતુથી સ્થાનિક પોલીસ જવાનો અને બીએસએફ ટીમ દ્વારા કાલોલ શહેરમા ફલેગમાર્ચ યોજાઇ હતી જેમાં સ્થાનિક પીએસઆઇ સી.બી.બંરડા અને એલ.એ.પરમાર સહિત પોલીસ સ્ટાફ તથા બીએ-સએફ દ્વારા જુદા જુદા વિસ્તારમા આ ફલેગ માર્ચ કરી સુલેહ શાંતિ જાળવવાનો સંદેશો આપ્યો હતો.

વાત્સલ્યમ્ સમાચાર

# બાલાસિનોર એકતા ચેરીટેબલ ટ્રસ્ટ ખાતે દિવ્યાંગ અને વયોવૃધ્ધ મતદારો માટે મતદાન જાગ્રુતિ કાર્યક્રમ યોજાયો



**વાત્સલ્યમ્ સમાચાર**
**આસીફ લુણાવાડા**

આગામી સમયમાં લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ યોજાવાની છે ત્યારે મહીસાગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ચૂંટણીમાં નાગરિકો મહત્તમ મતદાન કરે તે માટે જિલ્લા કલેકટર શ્રીમતી નેહા કુમારીના માર્ગદર્શન હેઠળ મતદાર જાગૃતિ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.

મહીસાગર જિલ્લાના એકતા ચેરીટેબલ ટ્રસ્ટ, બાલાશિનોર ખાતે વયોવ્રુધ્ધ અને દિવ્યાંગ મતદારો માટે મતદાન જાગ્રુતી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વયોવ્રુધ્ધ અને દિવ્યાંગ મતદારોને લોકશાહીના પાવન પર્વમાં દરેક મતનુ મહત્વ સમજાવી મતદાન મથક પર તેઓ સરળતાથી મતદાન કરી શકે તે માટે ઉપલબ્ધ સુવિધાઓ જેવી કે, પીવાના પાણીની સુવિધા, સુગમ્ય , રેમ્પ, વ્હિલચેર, સ્વયંસેવકો, દિવ્યાંગ અને વયોવ્રુધ્ધ મતદાતાઓ માટે અલગ લાઈન વગેરે જેવી સગવડો વિશે જાણકારી આપવામાં આવી.

૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા તમામ દિવ્યાંગ વ્યક્તિઓ ફોર્મ-૮ દ્વારા દિવ્યાંગ મતદાતા તરીકે ફ્લેગીંગ કરાવી શકે છે તે વિશે માહિતી આપવામાં આવી. ભારતીય ચુંટણી પંચ દ્વારા દિવ્યાંગ મતદારો માટે સક્ષમ મોબાઈલ એપ શરુ કરવામાં આવેલ છે તેના વિશે સમજ આપી સક્ષમ એપ મારફત અથવા બી-.એલ.ઓ. દ્વારા ફોર્મ-૮ દ્વારા દિવ્યાંગ મતદાતા તરીકે ફ્લેગીંગ, ઘરે બેઠા મતદાન કરવા માટે ફોર્મ ૧૨ ડી ની સુવિધા, મતદાન મથક પર વ્હિલચેર કે સહાયકની સેવા મેળવવા માટે માંગણી કરી શકે છે. ઈ.વી.એમ. નિદર્શન કરાવીને ઈ.વી.એમ. દ્વારા મતદાન વિશે સમજ આપવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી,જિલ્લા બાળ સુરક્ષા અધિકારી, શાળાના આચાર્ય, ગામના દિવ્યાંગ મતદારો હાજર રહ્યા હતા.

# મહીસાગરના ચિતવા માધ્યમિક અને ઉચ્ચ મા. શાળા ખાતે મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો



**વાત્સલ્યમ્ સમાચાર**
**આસીફ લુણાવાડા**

આગામી સમયમાં લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ યોજાવાની છે ત્યારે મહીસાગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ચૂંટણીમાં નાગરિકો મહત્તમ મતદાન કરે તે માટે જિલ્લા કલેકટર શ્રીમતી નેહા કુમારીના માર્ગદર્શન હેઠળ મતદાર જાગૃતિ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. લોકોમાં મતદાન અંગે જાગૃતિ આવે અને વધુમાં વધુ મતદાન થાય તે માટે જિલ્લા ચૂંટણી તંત્ર સતત પ્રયત્નશીલ છે. મહીસાગર જિલ્લામાં વિવિધ વિસ્તારોમાં સઘન ઝુંબેશ દ્વારા લોક જાગૃતિના પ્રયાસો થઈ રહ્યા છેચિતવા માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળા ખાતે બાળકો દ્વારા વોટ ફોર ઈન્ડિયા, મતદાન જરૂર કરો,મેરા મતદાન મેરા અધિકાર જેવી વિવિધ રંગોળી દોરી મતદાન જાગૃતિનો સંદેશો આપી રહ્યા અને મતદાન જાગૃતિ અંગે શાળામાં નિબંધ સ્પર્ધા યોજવામાં આવી હતી.

# ઝઘડિયાના રાજપારડી નજીક અકસ્માતોની વણથંભીની પરંપરા યથાવત - ભરૂચથી આવતી ટ્રાવેલર ગાડીને અકસ્માત



**વાત્સલ્યમ્ સમાચાર**
**ઈરફાન ખત્રી**

ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકામાંથી પસાર થતા રાજ્ય ધોરીમાર્ગ પર દિવસે દિવસે વધતા જતા અકસ્માતોને લઈને જનતા ચિંતિત બની છે. તાલુકામાં ધોરીમાર્ગ ઉપરાંત અન્ય ગ્રામીણ માર્ગો પણ અકસ્માતોથી બાકાત નથી રહ્યા. ગતરોજ રાજપારડી નજીકના સારસા ગામે ઉમધરા ફાટક નજીક એક ઈકો ગાડી આગળ જતી એક ટ્રકના પાછળના ભાગે અથડાતા ત્રણ મહિલાઓ તેમજ ઈકોના ચાલકને ગંભીર ઈજાઓ થઈ હતી. ત્યારે આવા અકસ્માતનું જાણે પુનરાવર્તન થતું હોય એમ આજરોજ રાજપારડી ચાર રસ્તા નજીક ઝઘડિયા તરફના માર્ગ પર ભરૂચ તરફથી આવતી એક ટ્રાવેલર ગાડી તેની આગળ જતી એક ટ્રકના પાછળના ભાગે અથડાઈ જતા અંદાજે આઠથી દસ જેટલી વ્યક્તિઓને ઓછીવત્તી ઈજા થઈ હોવાનું જાણવા મળ્યું હતું. ત્યારે આ અંગે વધુમાં જાણવા મળ્યા મુજબ આ ટ્રાવેલર ગાડી ચાર રસ્તાથી થોડે આગળથી ચાર રસ્તા તરફ આવી રહી હતી,ત્યારે રોડ નજીક આવેલ એક શોપિંગ કોમ્પ્લેક્સ તરફથી કોઈ વાહન ડિવાઈડરના કટમાંથી રોડની એક તરફથી બીજી તરફ આવી રહ્યું હતું તેને લઈને ટ્રક ચાલકે અચાનક બ્રેક મારતા પાછળ આવતી આ ટ્રાવેલર ગાડી ટ્રકના પાછળના ભાગ સાથે અથડાતા અકસ્માત સર્જાયો હતો. જોકે આ અકસ્માતમાં ટ્રાવેલર ગાડીમાં બેઠેલી વ્યક્તિઓને વત્તીઓછી ઈજા થઈ હતી,અને કોઈ જાનહાની થઈ નહતી. ઉલ્લેખનીય છેકે આ સ્થળે મોટા વાહનો રોડની નજીક લાઈનબંધ ઉભા રહેતા હોઈ પસાર થતાં અન્ય વાહનો હાલાકિમાં મુકાય છે.ઉપરાંત આ સ્થળે આવેલ શોપિંગ કોમ્પ્લેક્સ નજીકથી રોડની એક સાઈડ તરફથી બીજી સાઈડે જતા વાહનો ડિવાઈડરના કટમાં થઈને આવે છે,ત્યારે કેટલીકવાર આવી દુર્ઘટનાઓ થતી હોવાનું સામે આવ્યું છે. તેથી આ સ્થળે રોડને અડીને લાઈનબંધ ઉભા રહેતા વાહનો બાબતે યોગ્ય કરવામાં આવે તે જરૂરી બન્યું છે.

# ગોધરાના બી.વી.ગાંધી પેટ્રોલ પંપથી ગાંધી ચોક સુધીના જાહેર રસ્તા ઉપર વહીવટી તંત્ર દ્વારા ગેરકાયદેસર દબાણ હટાવવા માટે ડ્રાઈવ યોજાઈ

**વાત્સલ્યમ્ સમાચાર**
**નિલેશકુમાર દરજી શહેરા**

પંચમહાલ ગોધરાના માર્ગદર્શન હેઠળ નાયબ કલેકટર ગોધરા પ્રાંત,ગોધરાની અધ્યક્ષતામાં ગોધરા શહેર ખાતે આવેલ બી.વી.ગાંધી પેટ્રોલ પંપથી ગાંધી ચોક સુધીના ગેરકાયદેસર દબાણ હટાવવા અંગે તથા ટ્રાફીક અંગે ડ્રાઈવ યોજવામાં આવી હતી. જે ડ્રાઈવમાં મહેસુલ વિભાગ,પોલીસ વિભાગ, ટ્રાફીક વિભાગ, માર્ગ અને મકાન વિભાગ, ગોધરા નગરપાલીકા, આર.ટી.ઓ-.,એમ.જી.વી.સી.એલ., ફોરેસ્ટ,બી-એસએનએલ વગેરે વિભાગો દ્વારા સંયુક્ત કામગીરી હાથ ધરાઈ હતી.

સદર ડ્રાઈવમાં જાહેર રસ્તા ઉપર ગેરકાયદેસર રીતે બાંધકામ કરેલ ૩૫ (પાંત્રીસ) જેટલા ઓટલાઓ, શેડ કે અન્ય રીતે કરેલ દબાણોને તોડી પાડવામાં આવ્યા હતા. આ ઉપરાંત ગોધરા શહેર ટ્રાફીક દ્વારા નો પાર્કિંગ ઝોનમાં પાર્ક કરેલ ૧૫ (પંદર) જેટલા વાહનોને ટોઈંગ કરી, આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. સદર ડ્રાઈવ દરમ્યાન લોકોને જાહેર રસ્તાને અવરોધ થાય તે રીતે વાહન પાર્કિંગ કે દબાણ ન કરવા સમજુત કરાયા હતા. આ સાથે આવનાર સમયમાં આ પ્રકારની ટ્રાફીક ડ્રાઈવ વહીવટીતંત્ર દ્વારા સમયાંતરે યોજી, કડક હાથે કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમ સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ અને ગોધરા પ્રાંત અધિકારીશ્રી પ્રવિણસિંહ જૈતાવતે એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

# એમ.જી.શાહ હાઈસ્કૂલ, કાંકણપુર પરીક્ષા કેન્દ્ર ખાતે ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાનો શુભારંભ



**વાત્સલ્યમ્ સમાચાર**
**નિલેશકુમાર દરજી શહેરા**

પંચમહાલ જિલ્લામાં ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની જાહેર પરીક્ષાનો શુભારંભ થયો.એમ.જી.શાહ હાઈસ્કૂલ, કાંકણપુર પરીક્ષા કેન્દ્ર ખાતે લાયઝન અધિકારી તરીકે નિયુક્ત ડૉ.શ્રી રૂપેશભાઈ નાકર સાહેબે ધોરણ ૧૦ અને ૧૨ ના તમામ પરીક્ષાર્થીઓને ભારતીય સંસ્કૃતિ મુજબ ગોળધાણા ખવડાવી તિલક કરી પરીક્ષાપર્વ માટે તમામને શુભેચ્છા પાઠવી પ્રવેશ કરાવ્યો.તેઓની સાથે કેન્દ્ર સંચાલકશ્રી તરીકે શાળાના આચાર્યશ્રી શ કુલદિપકુમાર પંડિત,સરકારી પ્રતિનિધિશ્રીઓ તેમજ પરીક્ષા કામગીરીમાં રોકાયેલ તમામ કર્મચારીગણ પણ આ કાર્યમાં જોડાયો.પરીક્ષામાં પ્રથમ પેપર ખૂબ જ શાંતિપૂર્ણ માહોલમાં યોજાયું હતું.

# ઝાલોદ તાલુકાના પેથાપુર ગામમાંથી પારિવારિક ઝગડાનું સુખદ સમાધાન કરાવતા અભયમ દાહોદ




**વાત્સલ્યમ્ સમાચાર**
**અજય સાંસી દાહોદ**

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના પેથાપુર ગામમાંથી એક બેને કોલ કરીને જણાવેલ કે હું વિધવા બેન છું ને મારા જેઠ અને દેરાણી મારા સાત વર્ષના છોકરાને અપશબ્દો બોલે છે. મારી છોકરીએ મારા જ ખેતરમાંથી લીલા ચણા લીધાં અને મારી દેરાણી કહે છે. કે મારા ખેતરમાંથી લાવી એવુ કહી ને ઝઘડો કરે છે અને મારા ઘર આગળ થઈને નહિ જવાનુ અને મારા દિયર ને મારા જોડે વહેમ શંકા કરે છે. અને નશો કરી ને આવીને મારા જેઠ કહે છે કે તું છોકરા મૂકીને ઘર માંથી નીકળી જા એવું કહે છે. તો જેથી દાહોદ ટીમ સ્થળ પર પહોંચી અને અસરકારક કાઉન્સિલિંગ દ્વારા જેઠ અને દેરાણી ભૂલોને અહેસાસ કરાવતાં જેઠ અને દેરાણી વચ્ચે સુખદ સમાધાન કરાવવામાં આવેલ. અભાયમ કાઉન્સેલરે દેરાણી અને જેઠ ને પારિવારીક જવાબદારીથી વાકેફ કરી સામાજીક અને કાયદાકિય જવાબદારી ભાન કરાવતાં જેઠ અને દેરાણી એ પોતાની ભૂલને કબુલી હતી અને હવે પસી મારા વહુ અને ભાભી ને હેરાન નહિ કરીએ અને અપશબ્દો નહિ બોલીએ અને. વહેમ શંકા નહિ એની અમે ખાતરી આપી હતી. અને જેઠ અને દેરાણી વચ્ચે અસરકારક કાઉન્સિલિં થી પારિવારીક ઝગડામાં સુખદ સમાધાન કરાવતાં અભયમ દાહોદ

# સારસા પ્રાથમિક શાળા માં ઉજાસ ભણી કાર્યક્રમ માં વક્તા તરીકે શિક્ષણ વિદ ડો શૈલેષ વાણીયા 'શૈલ'



**વાત્સલ્યમ્ સમાચાર**
**તાહિર મેમણ : આણંદ**

કુમાર શાળા સારસા એક કલાક ને ત્રીસ મિનિટ નો ટોક શાળાના આચાર્ય અરુણભાઈ બ્રહ્મભટ્ટ ની અનુમતિથી ડૉ કિરીટ દ્વારા ડૉ. શૈલેષ વાણીયા શૈલ ને આમંત્રણ આપવામાં આવ્યું. શિક્ષકશ્રી રાઠોડ કિરણતથા સ્મિતાબેન અને શિક્ષકગણ, બાળમિત્રો દ્વારા પુષ્પગુચ્છ થી સ્વાગત કરવામાં આવ્યું. નક્કી કરે સ્થાને બાળકો ને બેસાડવામાં આવ્યા. મોડ્યુલ સાત ના નશીલા પદાર્થોના દુરુપયોગની રોકથામ અને વ્યવસ્થાપન ની પૂર્વ તૈયારી કેવી રીતે કરી શકાઈ તેની સમજ ટૂંકી વાતો સાથે તેઓ આગળ વધ્યા બાળકો ને પ્રતિજ્ઞા લેવડાવી છે.કે ક્યારેય નસીલા પદાર્થો નું સેવન નહી કરીએ. નસો નોરતે વિનાશ કુલ છ પ્રવૃત્તિઓ દ્વારા બાળકોને સમજાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. 1. માદક દ્રવ્યોના પ્રકાર અને નસીલા પદાર્થના ઉપયોગના સંકેતો અને લક્ષણો 2. નસીલા પદાર્થ નો ઉપયોગ બાળકો માટે સંવેદનશીલ કેમ છે?3. સાથીઓના નકારાત્મક દબાણથી દૂર રહેવું 4. નસીલા પદાર્થો વિષેની ગેરમાન્યતા અને ગેર સમજોની સમજ 5. અટકાવ અને ઉપચાર માટે ટેકો મેળવવો :સુરક્ષા માળખું 6. તમાકુ મુક્ત શાળાઓ માટે પ્રોત્સાહન

કુલ છો પ્રવૃત્તિઓ દ્વારા બાળકોને જકડી રાખ્યા હતા એક કલાકના આ સેશનમાં બાળકોને ખૂબ જ મજા પડી ગઈ હતી અંતિમ વિભાગમાં પ્રશ્નનોતરી ત્યારબાદ નસીલા પદાર્થ ના ચિત્ર દોરવા જણાવ્યું હતું.તેનાથી થતું શારીરિક નુકસાન સુંદર લખાણ લખનાર વિધાર્થીઓને પ્રથમ, બીજો અને ત્રીજો નંબર આપવામાં આવ્યો હતો આ સ્પર્ધા માં પ્રથમ આકાશ દિપેશસિંહ સોલંકી ધોરણ 8 બીજા નંબર અતુલ મેલાભાઈ વસાવા ધોરણ સાત અને ત્રીજા નંબર ચિરાગ કુમાર રાજુભાઈ ચૌહાણ ધોરણ છ તેઓને ત્રણ તાળી માન આપવામાં આવ્યું. વકતાશ્રી દ્વારા નોટબુક ઈનામ તરીકે ભેટ આપવા માં આવી બાળમિત્રો, સ્ટાફ ગણ માં ખુશી વ્યાપી ગઈ હતી.આભાર શાળા ના આચાર્યશ્રી, કિરીટ સર, કિરણ સર, મેડમ સ્મિત દ્વારા વક્તા ડો. શૈલેષ વાણીયા શૈલ ને સુંદર પ્રમાણપત્રક ની ભેટ આપવામાં આવી હતી. અલ્પાહાર લઈ 1.10મીનીટે છુટા પડ્યા.

# વિજાપુર કુકરવાડા જીલ્લા શીટ ની ભાજપ સંગઠન ની બેઠક યોજાઈ



**વાત્સલ્યમ્ સમાચાર**
**સૈયદજી બુખારી વિજાપુર**

વિજાપુર તાલુકાના કુકરવાડા જીલ્લા પંચાયત શીટ ની ભાજપ સંગઠન ની બેઠક આજરોજ તા ૧૨/૩/૨૦૨૪ ના રોજ મંગળવારે કુકરવાડા મુકામે યોજાઈ હતી, જેમાં પૂર્વ ધારાસભ્ય રમણભાઈ પટેલ પૂર્વ ધારાસભ્ય સીજે ચાવડા તેમજ પૂર્વ ધારાસભ્ય પૂર્વ ગૃહમંત્રી નરેશભાઈ રાવલ તેમજ જીલ્લા સદસ્ય ભરત દાઢી ઉપસ્થિત રહ્યા હતા, જેમાં આગામી દિવસો માં આવતી લોકસભાની વિધાનસભા ની ચૂંટણી ના કાર્યક્રમ અંતર્ગત ચર્ચા વિચારણા કરવામાંઆવી હતી તેમજ ભાજપના કાર્યકરો ને પક્ષના અધ્યક્ષ સીઆર પાટીલ ની આપેલી સૂચના સૂચન અનુસાર સંગઠન ની જેતે કાર્યકર ને આપેલી કામગીરી ની જવાબદારી નું પાલન કરવા ની રહેશે તે બાબત કાર્યકરો ને અવગત કરાયા હતા આ કાર્યક્રમમાં ભાજપના કુકરવાડા શીટ ના કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા

# રાજકોટના કોટડાસાંગાણીના શાપરમાં ૨૧ લાખના ખર્ચે નિર્મિત ત્રણ આંગણવાડીનું લોકાર્પણ કરવામાં આવ્યું



**વાત્સલ્યમ્ સમાચાર**
**અમુ સિંગલ જેતપુર**

રાજ્યના સામાજિક ન્યાય અને અધિકારિતા તથા મહિલા અને બાળ કલ્યાણ મંત્રી શ્રીમતિ ભાનુબહેન બાબરિયાના હસ્તે કોટડાસાંગાણી તાલુકાના શાપરમાં રૂ. ૨૧ લાખના ખર્ચે નિર્મિત ત્રણ આંગણવાડીનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

મંત્રી શ્રીમતિ ભાનુબહેન ૭મી માર્ચના રોજ રાજકોટ જિલ્લાના પ્રવાસે હતા. આ સમયે વિવિધ વિકાસકામોના લોકાર્પણ-ખાતમુહૂર્ત વચ્ચે, તેમણે શાપર ખાતે કોટડા સાંગાણી તાલુકા પંચાયતની આઈ.સી.ડી.એસ. શાખાના ઉપક્રમે નિર્માણ કરાયેલી શાપર આંગણવાડી કેન્દ્ર-૫ તેમજ કેન્દ્ર-૬ અને કેન્દ્ર-૭નું લોકાર્પણ કર્યું હતું. મહત્વનું છે કે, આ આંગણવાડીનું નવું મકાન મનરેગા યોજના અંતર્ગત નાણાકીય સહયોગથી બનાવવામાં આવ્યું છે.

આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતિ પ્રવીણાબહેન રંગાણી, જિલ્લા વિકાસ અધિકારી ડૉ. નવનાથ ગવ્હાણે, જિલ્લા પંચાયતના અન્ય પદાધિકારીશ્રીઓ, શાપર ગ્રામ પંચાયતના સરપંચશ્રી તથા અન્ય સભ્યો, રાજકોટ જિલ્લા પંચાયતના બાળ વિકાસ યોજના અધિકારી સુશ્રી સોનલબહેન વાળા, પ્રોગ્રામ ઓફીસરશ્રી, તેમજ તાલુકાના અન્ય પદાધિકારીઓ તેમજ ઉદ્યોગપતિઓ, તાલુકા પંચાયતના કર્મચારીઓ હાજર રહ્યા હતા.

# કાવી પોલિસ સબ ઈન્સ્પેકટર વી.એ.આહિરે શૈક્ષણિક સંસ્થાઓ ના પરીક્ષાર્થીઓને ગુલાબના પુષ્પ આપી શુભેચ્છા પાઠવી



**વાત્સલ્યમ્ સમાચાર**
**બ્રિજેશકુમાર પટેલ, ભરૂચ**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજથી શરૂ થયેલી ધોરણ- ૧૦ (SSC) અને ૧૨ (HSC) ની જાહેર પરીક્ષાઓનો તા.૧૧ મી માર્ચથી ભરૂચ જિલ્લામાં શાંતિપૂર્ણ માહોલમાં પ્રારંભ થયો છે. બોર્ડની આ જાહેર પરીક્ષાઓના પ્રારંભે કાવી પૂંજા મંદિર વિદ્યાલય નહાર હાઈસ્કુલ ખાતે કાવી પોલિસ સ્ટેશનના પોલિસ સબ ઈન્સ્પેકટર વૈશાલીબેન આહીર તેમજ તેઓના સ્ટાફ દ્વારા શૈક્ષણિક સંસ્થાઓના પરીક્ષાર્થીઓને સવારે ધોરણ-૧૦ અને ધો-૧૨ના પરીક્ષાર્થીઓને ગુલાબના પુષ્પો આપી પરીક્ષામાં શ્રેષ્ઠ દેખાવ સાથે ઉજ્જવળ કારકિર્દી માટે શુભેચ્છાઓ પાઠવી હતી

# સિંગવડ તાલુકાના નજીક આવેલા ગામમાંથી એક મનોરોગી મહિલા મળી આવેલ હતી કરી, 181 મહિલા હેલ્પલાઈનની મદદ લીધી

**વાત્સલ્યમ્ સમાચાર**
**અજય સાંસી દાહોદ**

સિંગવડ તાલુકાના નજીક આવેલા ગામમાંથી એક મનોરોગી મહિલા મળી આવેલ હતી જેથી થર્ડ પાર્ટી ફોન કરી અને 181 મહિલા હેલ્પલાઈનની મદદ લીધી હતી

ત્યારબાદ થર્ડ પાર્ટી એ જણાવેલ સરનામે 181 મહિલા હેલ્પલાઈન ની ટીમ પહોંચ્યા બાદ કાઉન્સિલિંગ દરમિયાન જાણવા મળેલ કે પીડીતા માનસિક રીતે અસ્વસ્થ તેઓ ચાલતા ચાલતા આ જગ્યા પર પહોંચી ગયા હતા. પીડીતા કામ કરવા ગયા હતા અને ત્યાંથી તેઓ ભૂલા પડ્યા હતા. પીડિતાના ચાર બાળકો હતા અને તેઓના પતિ પણ હતા તેઓ તેઓના પિયરમાં તેમના પપ્પા જોડે રહેતા હતા. કાઉન્સિલિંગ કર્યા બાદ તેમના બહેન નો કોન્ટેક કરી અને પીડીતાના ગામનું નામ પૂછી અને તેઓના ગામમાં ના સરપંચ જોડે કોન્ટેક કરી અને પીડીતાના પિતાને બોલાવી અને પીડીતાને તેમના પરિવાર જોડે પુનઃમિલન કરાવેલ છે. અને તેમના પિતાને સોંપેલ છે

# સુરત જિલ્લા કક્ષાના TLM નિર્માણ માં કૌશિકા પટેલની વિશિષ્ટ સિદ્ધિ



**વાત્સલ્યમ્ સમાચાર**
**સુરત**

જેમણે ટીએલએમ નિર્માણ ટ્રીચિંગ લર્નિંગ મટેરીયલ બાળકોને શિક્ષણ ની જરૂરિયાત સાથે અનેક પ્રવૃત્તિઓ સાથે બાળક કંઈક શીખે એવા માધ્યમથી એવા હેતુથી કૌશિકા પટેલે બનાવેલ ટીએલએમ સુરત જિલ્લાના ઝોન કક્ષામાં ઉત્તમ દેખાવ કરવામાં આવ્યો છે. અને સુરત જિલ્લા ઝોન કક્ષાના સમગ્ર જિલ્લામાં સુરત ગ્રામ્ય બીજો ક્રમાંક પ્રાપ્ત કર્યો છે. દર વર્ષે આવા બાળકો માટે નું આયોજન થતું હોય છે. જેની અંદર ટીચિંગ લર્નિંગ મટેરીયલ બનાવવામાં ખૂબ જ ચોકસાઈપૂર્વક અને બાળકો એમાંથી જલ્દી શીખે અને પોતાનું જ્ઞાન જેને વાત થાય અને એ જ જ્ઞાન પીરસવા માટે જે ટીએલએમ બનાવવામાં આવે છે. અને જેમની દર વર્ષે પસંદગી પામે છે. અનેક પ્રવૃત્તિઓ સાથે જોડાયેલ કૌશિકા પટેલ જેઓ સાયકલિંગ ટ્રેકિંગ જેવી એક્ટિવિટીમાં જોડાયેલા હોય છે. સાથે અત્યાર સુધી એમને 11 જેટલા એવોર્ડ પણ મળ્યા છે. અને ખૂબ જ સહાનીક પ્રવૃત્તિઓ કરે છે. સાથે એક ગઝલકાર પણ છે. જેમણે પોતાની અનેક ગઝલ એમણે પોતાની અંદર સમાવી રાખી છે .દરેક બાળકો ની અંદર રહેલી સુસુપ્તશક્તિ બહાર લાવવા માટેના પ્રયત્નો કરે છે. અને જે એમની આવડત છે જે એમની અંદર ટેકનોલોજી નો ઉપયોગ કરી અને બાળકો સુધી જે જ્ઞાન પીરસવાનું છે. એ જ્ઞાન પીરસવા માટેના અનેક પ્રયત્નો કરી રહ્યા છે. હાલ સુરત જિલ્લા પંચાયતમાં પી.એસ.સી ઈન્સ્પેકટર તરીકે પાપા પગલી પ્રોજેક્ટ ની અંદર ચોર્યાસી તાલુકા ઘટક એકમાં પોતે ફરજ બજાવે છે.

# લીલીયા મોટા ખાતે વિડિયો કોન્ફરન્સ ના માધ્યમથી PM નરેન્દ્ર મોદીએ કાર્ગો ટર્મિનલ નું લોકાર્પણ કર્યું



**વાત્સલ્યમ્ સમાચાર**
**રિપોર્ટર હનીફ કાતીયાર**

લીલીયા રેલવે સ્ટેશન નજીક દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી એ વીડિયો કોન્ફરન્સ ના માધ્યમથી 50 કરોડના ખર્ચે તૈયાર થયેલ રેલવે ગુડ્સ સેડ ગતિ શક્તિ મલ્ટી મોડલ કાર્ગો ટર્મિનલ નું લોકાર્પણ કરેલ આ ટર્મિનલ 50000 મેટ્રિક ટન અનાજ સાચવવાની કેપીસીટી ધરાવે છે આ લોકાર્પણમાં ધારાસભ્ય જનકભાઈ તળાવીયા જિલ્લા પંચાયતના પ્રમુખ ભરતભાઈ સુતરીયા નું સાકરપડો અને સાલ ઓઢાડી રેલવે અધિકારી કલ્પેશ દવે એ સન્માન કરેલ આ તકે ફૂડ કોર્પોરેશન અધિકારી રાજપ્રકાશ,મામલતદાર પંકજ બારૈયા,-ટીડીઓ રાદડિયા, ભાજપ અગ્રણી અરુણભાઈ પટેલ, વિપુલભાઈ દુધાત, ભાવેશભાઈ રાદડિયા,સહિતના અગ્રણી આગેવાનો અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા

# ભાજપ મહિલા મોરચા દ્વારા સોમનાથ ખાતે રામ મંદિર ઓડિટોરિયમ હોલ ખાતે મહિલા દિવસની ઉજવણી કરાઈ



**વાત્સલ્યમ્ સમાચાર**
**મહેન્દ્ર ટાંક ગીર સોમનાથ**

ગીર સોમનાથ જિલ્લા ભાજપ મહિલા મોરચા દ્વારા દેશની સુરક્ષા માટે કામ કરતી બહેનો પોલીસમાં નોકરી કરતી ૯૦ જેટલી બહેનો ને આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે' નમો પુરસ્કાર' દ્વારા સન્માનિત કરવામાં આવ્યા જેમાં પી આઈ પટેલ ભુવા સાહેબ તથા પીએસઆઈ વડારિયા મેડમ હુદળ મેડમ રાઠોડ મેડમ તેમજનગરપાલિકા પ્રમુખ પલવીબેન જાની તથા પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ રામીબેન વાજા તથા મહિલા મોરચા અધ્યક્ષ ડોક્ટર નિશાબેન ગોહિલ તેમજ જિલ્લા સંગઠન મંત્રી હર્ષાબેન પુજારી અનેમહામંત્રી હેમિબેન જેઠવા ઉપાધ્યક્ષ નયનાબેનચાંડપાચંદ્રિકાબેન સિકોતરિયાવિસ્તારક બલદાણીયા ભાઈ તથા પ્લાન ઈન્ડિયા ના દિનેશભાઈ પ્રજાપતિ તથા દેવુભાઈ ચારિયા તેમજ ગીતાબેન પરમાર શિલ્પાબેન પૂજાબેન સોલંકી ભાનુબેન ચંદ્રિકાબેન નિમાવત ચેતનાબેન વગેરે બહેનો મહિલા મોરચાના બધા બહેનો ઉપસ્થિત રહ્યા હતા

## વાંકાનેરમાં વહીવટદાર શાસનમાં પાલિકા દ્વારા કરાયેલ કામની ગુણવતા સામે ધારાસભ્યએ ઉઠાવ્યા સવાલ

વાત્સલ્યમ્ સમાચાર
શ્રીકાંત પટેલ



ગુજરાત માં લોકો ની વાત અને રજુઆત નેં આડા પાટે ચડાવી દેતુ તંત્ર શાસક પક્ષના ધારાસભ્ય નેં પણ ગાંઠતા નથી તેવું જાહેર થયું છે. વાંકાનેર નગરપાલિકાને સુપરસિડ કરવામાં આવ્યા પછી વહીવટદાર શાસન ચાલી રહ્યું છે ત્યારે વાંકાનેર શહેરમાં સીસી રોડ અને પેવર બ્લોક ની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે તે કામગીરી એજન્સીઓ દ્વારા કરવામાં આવી રહી છે પરંતુ આ થઇ રહેલા કામોમાં ગુણવતા જળવાતી નથી તેમ જ રોડ ઉપર યોગ્ય લાઈન લેવલ જળવાતું ન હોવાની તેમજ અત્યંત નબળી કક્ષાની કામગીરી થતી હોવાનો આક્ષેપ વાંકાનેરના ધારાસભ્ય જીતુભાઈ સોમાણીએ કર્યો છે.

વાંકાનેરના ધારાસભ્ય જીતુભાઈ સોમાણીએ ગયા વર્ષે ઓક્ટોબરમાં સાત તારીખ નાં રોજ પાલિકાના વહીવટદારને પત્ર લખીને નબળી કક્ષાની કામગીરી થતી હોવાથી ધ્યાન દોર્યું હતું અને સીસી રોડની કામગીરી બંધ કરી આ કામગીરી ઓનલાઈન ટેન્ડરીંગ પ્રક્રિયા કરી મજૂરી કામ કરાવવા તેમજ માલ સામાન પાલિકા દ્વારા ખરીદી કરી રોડના કામો કરાવવામાં આવે તો પાલિકાને આર્થિક ભારણ ન પડે અને કામની ગુણવતા જળવાઈ રહેશે તેવું સુચન કર્યું હતું. પરંતુ તેમની આ વાતને નજરઅંદાજ કરી દેવાતાં જીતુભાઈ સોમાણીએ તારીખ ૧૮-૧-૨૦૨૪ ના રોજ મોરબી ખાતે કલેક્ટરની અધ્યક્ષતામાં યોજાયેલી સંકલન સમિતિની બેઠકમાં પણ કલેકટરને પત્ર લખીને વાંકાનેર પાલિકા દ્વારા વહીવટી શાસનમાં ચાલતા સીસી રોડની કામગીરી પૂરી થઈ ગઈ છે તેની ગુણવતા અત્યંત નબળી છે તેનું જણાવ્યુ હતું તેમ છતાં કોઈ જ પગલાં લેવાયા નથી !. અગાઉની સંકલન બેઠક વખતે તાજેતરમાં બદલી પામેલા કલેકટર હતા ત્યારે શું નિર્ણય તેમના દ્વારા લેવાયા હતા. તે ચેક કર્યા પછી વર્તમાન કલેકટર જણાવશે તેવું હાલના કલેકટરે જણાવ્યું છે. અહી એ વાત જણાવી દઈએ કે સાસક પક્ષના ધારાસભ્ય ની વાતને પણ ગણકારતા ન હોય ત્યારે સામાન્ય નાગરિકની રજૂઆતનો શું થતું હશે તેઓ લોકોએ ચર્ચા થઈ રહી છે પરંતુ આ જે ગણકારતા નથી તે અધિકારીઓની પહોંચ ગાંધીનગર સુધી હોય તેવું પણ લોકોમાં ચર્ચા થઈ રહી છે ત્યારે હવે ધારાસભ્ય કેવું આક્રમક વલણ અપનાવે છે તે જોવું રહ્યું?

## વાંકાનેરના ઢૂવા નજીક ટ્રેઈન હડફેટે શ્રમિકનું ઘટનાસ્થળે મોત




વાત્સલ્યમ્ સમાચાર
ધવલ ત્રિવેદી-મોરબી

વાંકાનેરના ઢૂવા નજીક રેલ્વે ટ્રેકની નજીકથી પસાર થતા સીરામીકમાં કામ કરતા મૂળ રાજસ્થાનના શ્રમિકનું અકસ્માતે ટ્રેન હડફેટે આવી જતા બનાવ સ્થળે મૃત્યુ નીપજ્યું હતું.પ્રાપ્ત માહિતી મુજબ વાંકાનેર તાલુકાના ઢૂવા ગામ નજીક જેટ સીરામીકની પાછળ આવેલ રેલ્વે ફાટક ૧૪ પોલ નં.૧૧/૬ પાસે મૂળ રાજસ્થાનના ભગવાડા ગામનો વતની હાલ જેટ સીરામીક લેબર કોલોનીમાં રહેતા સંજય રાજેશ સોલંકી ઉ.વ.૪૦ રેલ્વેટ્રેક પાસે પસાર થતા અકસ્માતે રેલ્વેટ્રેનની હડફેટે આવી જતા મૃતકને માથામાં ગંભીર ઈજા થવાના કારણે સ્થળ ઉપર મૃત્યુ થયું હતું. બનાવ અંગે મકનસર રેલ્વે સ્ટેશન માસ્ટર અર્જુનસિંઘ ચૌધરી દ્વારા જાહેર કરતા વાંકાનેર તાલુકા પોલીસે અ.મોતની નોંધ કરી આગળની તપાસની તજવીજ હાથ ધરી છે.

## કારામાં મહિલા દિનની ઉજવણી 'એક સ્ત્રી આદર્શ સ્ત્રી' કાર્યક્રમ દ્વારા ઉજવાયેલ. કાર્યક્રમનું પ્રારંભ યજ્ઞ થી કરાયેલ

વાત્સલ્યમ્ સમાચાર
હર્ષદરાય કંસારા ટંકારા



આ અંતર્ગત ૮ અલગ અલગ ક્ષેત્રમાં શ્રેષ્ઠતા હાંસલ કરેલ સ્ત્રીઓનું સન્માન કરવામાં આવેલ .જેમાં યોગગુરૂ તરીકે જોસનાબેન ઘોડાસરા, શ્રેષ્ઠ ગ્રહણી તરીકે મનાણી માલતી બેન ,શ્રેષ્ઠ બિઝનેસમેન તરીકે ધર્મિષ્ઠાબેન સંયુક્ત પરિવારની મહિલાઓમાં ભાગ્યા કાંતાબેન, ગોસરા નયનાબેન, શ્રેષ્ઠ શિક્ષક તરીકે ઉર્મિલાબેન પટેલ તેમજ યોગ કોચ તરીકે ગીતાબેન મૂછાળા સફળ સ્ત્રી તરીકે તરુણાબેન ઢેઢી અને શ્રેષ્ઠ માતા તરીકે હેતલબેન સોલંકીને સન્માનિત કરાયેલ. તમામને અભિનંદન અપાયેલ.

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે મહિલાઓએ જીવનમાં કયા કયા ગુણો અને કાર્ય સાથે સમાજમાં કાર્ય કરવું જોઈએ તે વિશે માર્ગદર્શન અપાયેલ.જોસનાબેને મહિલાઓને સ્ટ્રેસ દૂર કરવા યોગમાં જોડાવાની અપીલ કરેલ .આ પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયેલ,મહિલાઓ ને વિવિધ રમતો રમાડાયેલ. મહિલા દિવસની ઉત્તમ ઉજવણી એ હતી કે દરેક મહિલા ને તેના નામ સાથે વિશેષણ નો ક્ષેત્ર આદર્શ હતો. જેથી દરેક મહિલા પોતાને સક્ષમ અને સમર્થ અનુભવી કાર્યક્રમ માણેલ એક સ્ત્રી આદર્શ સ્ત્રી કાર્યક્રમને સુંદર સફળતા મળેલ.

## મોરબી પ્રધાન મંત્રી કૌશલ કેન્દ્ર ખાતે વિશ્વકર્મા યોજના અને તાલીમ કોર્સ માં એડમિશન માટે મેગા કેમ્પ યોજાયો

વાત્સલ્યમ્ સમાચાર
હર્ષદરાય કંસારા ટંકારા



મોરબી પ્રધાન મંત્રી કૌશલ કેન્દ્ર ખાતે વિશ્વકર્મા યોજના અને તાલીમ કોર્સ માં એડમિશન માટે મેગા કેમ્પ યોજાય.મોરબી ના રવાપર રોડ ખાતે ના જિલ્લા કક્ષા ના નિશુલ્ક સરકાર માન્ય તાલીમ કેન્દ્ર ખાતે તા ૧૦ માર્ચ રવિવારે સ્થાનિક લાભાર્થીઓ અને હસ્તકલા સેતુ યોજનાના ના નોંધાયેલા લાભાર્થી બહેનો માટે વિશ્વકર્મા યોજના અને કૌશલ કેન્દ્ર માં હાલ માં જે વિવિધ આધુનિક રોજગારી માટે નિશુલ્ક તાલીમ વર્ગો ચાલુ છે તેમની પ્રવેશ પ્રક્રિયા અંગે કેમ્પ નું ખાસ આયોજન સવારે ૯ થી સાંજ ના ૫ દરમિયાન કરવામાં આવ્યું હતું. આ મેગા કેમ્પ માં જુદા જુદા જન સુવિધા કેન્દ્રો ના સંચાલકો ની મદદ થી વિશ્વકર્મા યોજના ના આશરે ૧૨૫ જેટલા રજિસ્ટ્રેશન કરવામાં આવ્યા હતા જ્યારે તાલીમ કેન્દ્ર ના જુદા જુદા કોર્સ માં આશરે ૬૦ જેટલા પ્રવેશ પત્રકો ભરવામાં આવ્યા હતા

આ મેગા કેમ્પ માં હસ્તકલા જિલ્લા પ્રતિનિધિ શ્રી જય જોશી, કેન્દ્ર ના મેનેજર શ્રી કપિલ રાઠોડ ના માર્ગદર્શન હેઠળ સમગ્ર ટીમ દ્વારા જહેમત ઉઠાવી ને કેમ્પ ને સફળ બનાવવા માં આવ્યો હતો .

## ચરાડવા ગામે રાજબાઈ માતાજીના મંદિરે પ્રાગટ્ય દિવસ ઉજવાયો



વાત્સલ્યમ્ સમાચાર
ધવલ ત્રિવેદી-મોરબી

સાપર તારા બેસણા ચરાડવા તુંજ ધામ ઉદા ચારણ નાં ઘરે અવતર્યા માં રાજબાઈ ધર્યું નામ ત્રણ સાદે દોડતાં આવે તેવા જાજરમાન જગદંબા એટલે માં રાજબાઈ તેમનો પ્રાગટ્ય દિવસ ફાગણ સુદ બીજ છે. અને જ્યાં તેમના છોરુડા છે ત્યાં તેમનો આ પ્રાગટ્ય દિવસ ઉજવવા થનગનતા હોય છે .જેમાં કચ્છ નાં પ્રવેશ દ્વાર પાસે આવેલા નવા કટારીયા ગામમાં માં રાજબાઈ નું મોટું મંદિર છે. દરેક વર્ણના લોકો અહીં માં રાજબાઈની આરાધના કરે છે. જેઓ દર વર્ષે પગપાળા સંઘ દ્વારા ચરાડવા આવે છે તે રીતે આ વર્ષે પણ અને ફાગણ સુદ બીજના પ્રાગટ્ય દિવસે મોટો સંઘ કાઢીને પગપાળા ચરાડવા ગામ રાજબાઈ ધામ પહોંચ્યા છે. જ્યાં રાજબાઈ માતાજીના મંદિરે થી વિશાળ શોભાયાત્રા નીકળી હતી જેમાં દરેક ભાવિકો નાચગાન કરતા માતાજીના ગુણગાન ગાતા ગાતા શોભાયાત્રામાં જોડાયા હતા. તારીખ ૧૨-૩-૨૦૨૪ ને મંગળવારે ફાગણ સુદ બીજ રાજબાઈ માતાજી નો પ્રાગટ્ય દિવસ હોય, રાજબાઈ માતાજીના મંદિરે હવન યજ્ઞ નું આયોજન કરવામાં આવ્યું છે. આ જ રીતે સાપર ગામ અને આંદરણા ગામે રાજબાઈ માતાજીના મંદિરે હવન યજ્ઞ નું આયોજન કરવામાં આવ્યું છે અને બપોરે બટુક ભોજન અને સાંજે મહાપ્રસાદ નું આયોજન કર્યું છે જ્યારે આંદરણા ગામે રાત્રી દરમિયાન સંતવાણી ભજન ગરબા નું આયોજન કરવામાં આવ્યું છે.એકંદરે મા રાજબાઈ નો પ્રાગટ્ય દિવસ ફાગણ સુદ બીજ હોય છે તેની ઉજવણી કરવા સૌરાષ્ટ્ર કચ્છ અને સમગ્ર ગુજરાતમાં થી રાજલ છોરૂ ચરડાવા આવી પહોંચ્યા છે . અનેરો ઉત્સાહ જોવા મળ્યો છે.

## નખત્રાણા તાલુકા આરોગ્ય કચેરી દ્વારા નખત્રાણા ના બન્ની વિસ્તારમાં આરોગ્ય કેમ્પ યોજવામાં આવ્યો હતો

વાત્સલ્યમ્ સમાચાર
રમેશ મહેશ્વરી - નખત્રાણા કચ્છ



તાલુકા આરોગ્ય કચેરી નખત્રાણા તથા બિદડા સર્વોદય ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે નખત્રાણા તાલુકાના બન્ની વિસ્તારના ગામો જાલુ, તલ, લૈયારીમાં ૩૫૦ થી વધારે બાળકોના આરોગ્યની તપાસણી કરવામાં આવી હતી.આ તપાસણી દરમિયાન શંકાસ્પદ હૃદય રોગવાળા પાંચ બાળકોને 2D ઈકો અને સઘન તપાસ માટે રિફર કરવામાં આવ્યા હતા તથા છ લિમ્ફ અડીનાઇટ્સના શંકાસ્પદ બાળકોને પણ આગળ તપાસ માટે મોકલવામાં આવ્યા હતા.આ કેમ્પમાં મધ્યમ અને અતિ કુપોષિત બાળકોને મલ્ટી વિટામિન, પ્રોટીન અને જરૂરી દવાઓ આપવામાં આવી સાથે જ તેમને વધારે સઘન સારવાર લેવાની સલાહ આપવામાં આવી હતી તેમજ. માતાઓને આરોગ્યપ્રદ ખોરાક લેવા માટે સમજાવવામાં આવ્યા હતા.અત્રે ઉલ્લેખનીય છે ડો.જયેશ કાપડિયા જૂપિટર હોસ્પિટલ થાણે- મુંબઈમાં સિનિયર બાળ રોગ નિષ્ણાત છે અને દર પંદર દિવસે કચ્છના દૂર દૂરના વિસ્તારોમાં વિનામૂલ્યે આરોગ્ય સેવાઓ આપે છે. નોંધનીયએ છે કે આ પહેલાં ભોજાય સર્વોદય ટ્રસ્ટના કેમ્પમાં તપાસેલા બાળકોમાં ૮ બાળકોના હૃદયની તપાસ એટલે 2D ઈકો ભૂજ જિલ્લા પંચાયત આરોગ્ય શાખા તરફથી વિનામૂલ્યે કરાવવામાં અને બાળકોને સારવાર પૂરી પાડવામાં આવી હતી અને ક્લેપ્ટ પેલેટના એક બાળકનું ઓપરેશન પણ કરવામાં આવ્યું હતું.આ ઉપરાંત બીજા સામાન્ય બીમારીવાળા બાળકોને દવાઓ અને નિદાન-સારવાર બિદડા અને ભોજાય સર્વોદય ટ્રસ્ટ તરફથી વિના મૂલ્યે આપવામાં આવ્યા હતા. આ તમામ કામગીરીમાં ટ્રસ્ટના સ્ટાફ સાથે તાલુકા આરોગ્ય કચેરી - નખત્રાણાના મેડિકલ ઓફિસર અને આશાબહેને હાજર રહ્યા હતા.

## ટૂંડા વાંઢ પ્રાથમિક શાળાના છાત્રોને વ્યક્તિગત સ્વચ્છતા થકી સારા સ્વાસ્થ્યની શીખ અપાઈ

વાત્સલ્યમ્ સમાચાર
રમેશ મહેશ્વરી - મુન્દ્રા કચ્છ



મુન્દ્રા તાલુકા આરોગ્ય વિભાગ અને પ્રાથમિક શાળા ટૂંડા વાંઢ દ્વારા જાગૃતિ કાર્યક્રમ યોજાયો. મુન્દ્રા તાલુકા હેલ્થ ઓફીસ થી તજજ્ઞ શ્રી એડો. હેલ્થ કાઉન્સેલર મહેન્દ્ર વાઘેલા હિંસા ઈજાઓ સામે સલામતી અને સુરક્ષા ,HIV રોકથામ અને વ્યક્તિગત સ્વચ્છતા વિશે કિશોર કિશોરીઓને દ્વારા પી.પી.ટી. અને વિડીયો દ્વારા સમજાવવામાં આવેલ હતું. જેમાં મુખ્યત્વે હિંસા એટલે શું? ઈજાઓ એટલે શું? આ બાબતે કેવા પ્રકારે સલામતી અને સુરક્ષા રાખવી જોઈએ? સ્વરક્ષણ માટે તેમજ હિંસા અને ઈજાઓ થઈ ગયા બાદ બચવા છોકરાઓ તેમજ છોકરીઓએ સરકારશ્રીએ બહાર પાડેલ કયા ફોન નંબર ડાયલ કરવો જોઈએ? આંતર વૈયક્તિક સંબંધ એટલે શું? સંઘર્ષ- સાથે કામ પાર પાડવા માટે અલગ અલગ અભિગમો, કેસ સ્ટડી પ્રસ્તુત કરેલ હતાં. આચાર્ય શ્રી નિહારિકાબેન મકવાણા દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.કાર્યક્રમ ને સફળ બનાવવા ગ્રામના અગ્રણી, ટૂંડા વાંઢ પ્રાથમિક શાળા ના SMC અધ્યક્ષ રણમલભાઈ હીરા ભાઈ રબારી ,SMC સભ્યો અને શાળાના સ્વાતિબેન વાઢેર,સંજયભાઈ કરંગીયા,વિપુલભાઈ,દામીનીબેન અને રેશ્માબેન દ્વારા જહેમત ઉઠાવી હતી.

## રાજકોટ જીલ્લાના લોધીકા તાલુકાના ૧૦૭ દિવ્યાંગોને કુલ રૂ.૧૪.૫૪ લાખના સાધનોની સહાય આપવામાં આવી હતી

વાત્સલ્યમ્ સમાચાર
અમુ સિંગલ જેતપુર



રાજકોટ જિલ્લા વહિવટી તંત્ર અને એલિમ્કોના સંયુક્ત ઉપક્રમે તા. ૧૧ના રોજ સાંસદશ્રી રામભાઈ મોકરીયાની અધ્યક્ષતામાં અને કલેક્ટરશ્રી પ્રભવ જોષીની ઉપસ્થિતિમાં રાજકોટ જિલ્લાના લોધીકા તાલુકાના દિવ્યાંગ લાભાર્થીઓ માટે સાધન સહાય વિતરણ કાર્યક્રમ યોજાયો હતો.

ડી.સી.પી.ઓ.શ્રી અલ્પેશભાઈ ગોસ્વામી એ જણાવ્યું હતું કે જિલ્લા વહિવટી તંત્ર અને સમાજ સુરક્ષાના સંયુક્ત ઉપક્રમે લોધીકા તાલુકા ખાતે કોર્પોરેટર સોશિયલ રિસ્પોન્સિબિલિટી હેઠળ જનરલ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (G.I.C.) અને એલિમ્કો કંપની દ્વારા ગત તા. ૦૬ જાન્યુઆરીના રોજ એસેસમેન્ટ કરવામાં આવ્યું હતું. જેમાં ૦૪ પ્રકારની દિવ્યાંગતા ધરાવતા દિવ્યાંગોને સહાયક સાધન સહાય માટે પસંદ કરવામાં આવ્યા હતા. જેમાં કુલ ૧૦૭ લાભાર્થીઓને ૧૮૯ સાધન કુલ રૂ. ૧૪,૫૪,૮૧૪ની કિંમતના સાધનોનું વિતરણ કરવામાં આવ્યું હતું. સાધન સહાય વિતરણ કાર્યક્રમમાં લાભાર્થીઓને મહાનુભાવોના હસ્તે મોટરાઈઝડ ટ્રાયસિકલ, વ્હિલચેર, કાંખઘોડી, સી.પી.ચેર, હિયરીંગ એઈડ, સુગમ્ય કેન સહીત ૧૫ પ્રકારના સાધનો આપવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં લોધીકા મામલતદારશ્રી ભાડભાઈ, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી એમ. એમ. રાઠોડ, અગ્રણીશ્રીઓ વિપુલભાઈ મોરડ, અશ્વિનભાઈ કમાણી, જિલ્લા પંચાયત સદસ્યશ્રી મોહનભાઈ દાફડા અને મામલતદાર કચેરી અને આરોગ્ય વિભાગનો સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.

## રાજકોટ ખાતે એસ.ટી.નિગમ દ્વારા 'વ્યસન મુક્તિ' સેમિનારનું આયોજન



વાત્સલ્યમ્ સમાચાર
અમુ સિંગલ જેતપુર

રાજકોટ સેન્ટ્રલ બસ સ્ટેશન ખાતે પ્લેક્સસ મેડીકેર હોસ્પિટલના સહયોગથી એસ.ટી.નિગમના કર્મચારીઓની વિનામુલ્યે આરોગ્ય તપાસ કરાઈ હતી. આ કેમ્પમાં નિગમના ડ્રાઈવર્સ, કન્ડક્ટર અને વહીવટી સ્ટાફ સહીત કુલ ૭૫ કર્મચારીઓનો સમાવેશ થાય છે.મેડીકેર હોસ્પિટલના ડોકટરો દ્વારા વિડીયોગ્રાફીના માધ્યમથી 'વ્યસન મુક્તિ' વિષય પર સેમિનારનું આયોજન કરાયું હતુ. નિગમના કર્મચારીઓએ ભવિષ્યમાં વ્યસન ન કરવાના સંકલ્પ લીધા હતા. આ કેમ્પમાં નિગમનો સમગ્ર સ્ટાફ, હોસ્પિટલના ડોક્ટર્સ અને નર્સ ઉપસ્થિત રહ્યા હતા.

## લખતર તાલુકાના મફતિયાપરામા જાન આવતા આખલાએ આતંક મચાવ્યો - 15થી વધુ ઈજાગ્રસ્ત

વાત્સલ્યમ્ સમાચાર
બાવળિયા ઉમેશભાઈ સુરેન્દ્રનગર



સુરેન્દ્રનગર જિલ્લામાં લખતર શહેરી વિસ્તાર સહિત આસપાસના ગામોમાં રખડતા ઢોરોના ત્રાસથી વાહનચાલકો સહિત રહિશોને હાલાકી પડી રહી છે શહેરના બસ સ્ટેન્ડ, યોગીરાજ હોટલ, શિયાણી દરવાજા સહિતના વિસ્તારોમાં રખડતા ઢોરો અડીંગો જમાવીને બેઠા હોવાથી વાહનચાલકો અને રાહદારીઓ અવાર નવાર અકસ્માતનો ભોગ બનતા હોય છે ત્યારે શહેરના મફતીયાપરા વિસ્તારમાં મનજીભાઈ સોલંકીના ઘેર લગ્ન પ્રસંગ હોય વિરમગામના કાજીપુરા ગામેથી જાન આવી હતી અને લગ્નની વીધી ચાલી રહી હતી તે દરમ્યાન અચાનક બે આખલાઓ બાખડી પડતા જાનૈયાઓમાં દોડધામ મચી જવા પામી હતી જેમાં 15થી વધુ જાનૈયાઓને આખલાઓએ અડફેટે લેતા ઈજાઓ પહોંચતા સારવાર અર્થે ખાનગી તેમજ સરકારી હોસ્પીટલ ખાતે ખસેડવામાં આવ્યા હતાં. અત્રે ઉલ્લેખનીય છે કે રખડતા ઢોરનો ત્રાસ સતત વધી રહ્યો છે અને અગાઉ અનેક વખત રજુઆતો કરવા છતાં કોઈ જ ઉકેલ ન આવતાં લોકોમાં રોષ જોવા મળ્યો હતો.

## પુરાણ કરાયેલા કૂવા ફરીથી ખોલવાની પ્રવૃતિ ગેરકાયદેસર અને જોખમી હોવા અંગે ગ્રામ્યજનોમાં જાગૃતિ લાવવા વિશેષ ટીમની રચના કરાઈ

વાત્સલ્યમ્ સમાચાર
બાવળિયા ઉમેશભાઈ સુરેન્દ્રનગર



સાયલાના ૩, થાનગઢના ૧૦ અને મૂળી તાલુકાના ૧૦ ગામોમાં પુરાણ કરાયેલા કુવાઓમાં ગેસથી ગૂંગળામણના અકસ્માતો અટકાવવા નિર્ણય, સુરેન્દ્રનગર જિલ્લામાં મૂળી, સાયલા અને થાનગઢના ગામોમાં કાર્બોસેલ અન્ય ખનીજોના ગેરકાયદેસર ખોદકામથી થયેલા કુવાઓમાં કોઈ અનિચ્છનીય બનાવ ના બને અને ગેરકાયદેસર ખોદકામ અટકે તે માટે પુરાણની કામગીરી કરવામાં આવે છે પુરાણ કરેલા ગેરકાયદેસર કુવાઓ ફરીથી ખોલવાની પ્રવૃત્તિ અને આ કૂવામાં થતા ગેસ ગળતરથી ગૂંગળામણને કારણે ઘાતક અકસ્માતના બનાવો સામે આવતા આ જોખમી અને ગેરકાયદેસર પ્રવૃત્તિ સામે ગ્રામ્યજનોને જાગરૂક કરવા માટે એક વિશેષ ટીમની રચના કરવામાં આવી છે ભૂસ્તશાસ્ત્રી નીરવ બારોટે આ અંગે જણાવ્યું કે જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને મળેલી બેઠકમાં બંધ કૂવા ખોલી થતી ખનન સહિતની ગેરકાયેસર પ્રવૃત્તિઓ અને તેમાં રહેલા ઝેરી વાયુઓના જોખમ સામે સ્થાનિક ગામલોકોને જાગૃત કરવા મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, પોલીસ ઈન્સ્પેક્ટર, આર.એફ.ઓ, માઈન્સ સુપરવાઈઝર, જીપીસીબીના મદદનીશ ઈજનેર, લેબર ઈન્સ્પેક્ટર સરપંચ તલાટી એમ વિવિધ વિભાગના અધિકારીઓની વિશેષ ટીમની રચના કરવામાં આવી છે સંબંધિત પ્રાંત અધિકારીઓના માર્ગદર્શન નીચે આ ટીમ સાયલાના ૩, થાનગઢના ૧૦ અને મૂળી તાલુકાના ૧૦ ગામોમાં પુરાણ કરેલાં કૂવામાં ઉત્પન્ન થતા ઘાતક ઝેરી વાયુઓના જોખમ અને આ પ્રવૃતિ ગેરકાયદેસર હોવા અંગે સમજણ આપશે.

## મહીસાગર જિલ્લાના બાલાસિનોર બસ સ્ટેન્ડ પાસેથી એક બાળક મળી આવ્યું



વાત્સલ્યમ્ સમાચાર
આસીફ લુણાવાડા

મહીસાગર જિલ્લાના બાલાસિનોર બસ સ્ટેન્ડ પાસેથી એક બાળક મળી આવ્યું.મહીસાગર જિલ્લાના બાલાસિનોર બસ સ્ટેન્ડ પાસેથી એક બાળક મળી આવ્યું હતું તેનુ નામ પુછતાં બાબુ જણાવે છે હાલ તે બાલાસિનોર પોલીસ સ્ટેશન ખાતે છે અને બાલાસિનોર પીઆઈ અંશુમન નિનામા સાહેબનો સંપર્ક કરવો

## મોરબી સગર્ભા મહિલાઓને નિ:શુલ્ક સેવા આપતી રાજ્યસરકારની ''ખિલખિલાટ વાન''

વાત્સલ્યમ્ સમાચાર
ધવલ ત્રિવેદી-મોરબી



મહિલા તેમજ તેના બાળકના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખતી સતત દોડતી અને નિ:શુલ્ક સેવા આપતી વાન કે જેના દ્વારા ઘરેથી હોસ્પિટલ અને હોસ્પિટલથી ઘરે સુરક્ષિત પહોંચી શકાય છે.ગુજરાત સરકારના આરોગ્ય વિભાગ દ્વારા આરોગ્યલક્ષી સુવિધામાં ઉત્તરોત્તર વધારો કરવામાં આવી રહ્યો છે. જે અન્વયે સરકારી પ્રસૂતિ ગૃહોમાંથી માતાઓને તેમના નવજાત ભૂલકાંઓ સાથે સલામત-આરોગ્યપ્રદ રીતે ઘરે પહોંચાડવાની અવિરત સેવા ''ખિલખિલાટ વાનના''માધ્યમથી આપવામાં આવે છે. ઉપરાંત બીમાર બાળકને હોસ્પિટલથી ઘર સુધી વિનામુલ્યે પહોંચાડવામાં પણ ''ખિલખિલાટ વાનની'' સેવા મદદરૂપ થઈ રહી છે. ખિલખિલાટ વાનની સેવા રાજ્ય સરકાર અને EMRI Green health service દ્વારા ચલાવવામાં આવે છે.


Vatsalya Samachar, Printer, Publisher and Owner : Paresh Maljibhai Paria Printed at winner Offset, Lati Plot-5, Morbi
Published : "Vatsalya"Pragaty Clinic, Ambedkar Colony, Rohidash Para Main Road, Morbi-Gujarat. EDITOR : Paresh Maljibhai Paria